dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 8 | Issue- 16 | AD - 2024, Aaso Sud -14 | Wednesday, Dt.16-10-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

## ઝારખંડમાં પ્રથમ તબક્કા માટે ૧૮ ઓક્ટોબરે નોટિફિકેશન બહાર પાડવામાં આવશે

# મહારાષ્ટ્ર અને ઝારખંડ વિધાનસભા ચૂંટણીની જાહેરાત, મહારાષ્ટ્રમાં ૨૦ નવેમ્બરે મતદાન

**મહારાષ્ટ્રમાં કુલ ૨૮૮ વિધાનસભા સીટો માટે એક જ તબક્કામાં ચૂંટણી**

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૧૫

ચૂંટણી પંચે મંગળવારે મહારાષ્ટ્ર અને ઝારખંડ વિધાનસભા ચૂંટણીની તારીખોની જાહેરાત કરી છે. ચૂંટણી પંચે પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું છે કે મહારાષ્ટ્રમાં કુલ ૨૮૮ વિધાનસભા સીટો માટે એક જ તબક્કામાં ચૂંટણી કરાવવામાં આવશે. ચૂંટણી પંચે માહિતી આપી છે કે મહારાષ્ટ્રમાં ૨૦ નવેમ્બરે મતદાન થશે. તે જ સમયે, મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીના પરિણામો ૨૩ નવેમ્બરના રોજ જાહેર કરવામાં આવશે. જયારે ઝારખંડમાં બે તબક્કામાં મતદાન થશે જેમાં ૧૩ અને ૨૦ નવેમ્બરે મતદાન થશે. ચૂંટણી પંચે કહ્યું કે મહારાષ્ટ્રમાં ૩૬ જિલ્લામાં કુલ ૨૮૮ વિધાનસભા બેઠકો છે. જેમાંથી એસટી બેઠકો ૨૫ અને એસસી બેઠકો ૨૯ છે. મહારાષ્ટ્રમાં કુલ ૯.૬૩ કરોડ મતદારો છે. જેમાં મહિલા મતદારો ૪.૬૬ કરોડ અને પુરૂષ મતદારો ૪.૯૭ કરોડ છે. રાજ્યમાં કુલ ૧ લાખ ૧૮૬ મતદાન મથકો છે. ચૂંટણી પંચે કહ્યું છે કે ૮૫ વર્ષથી વધુ ઉંમરના મતદારો ઘરે બેઠા જ પોતાનો મત આપી શકશે. મહારાષ્ટ્રની ચૂંટણી માટે જાહેરનામું બહાર પાડવાની તારીખ-૨૨-૧૦-૨૦૨૪ (મંગળવાર) બહાર પડશે, નામાંકન માટેની છેલ્લી તારીખ-૨૯-૧૦-૨૦૨૪ (મંગળવાર), નામાંકનની ચકાસણીની તારીખ-૩૦-૧૦-૨૦૨૪ (બુધવાર), ઉમેદવારી પાછી ખેંચવાની છેલ્લી તારીખ- ૦૪-૧૧-૨૦૨૪ (સોમવાર), મતદાન તારીખ-૨૦-૧૧-૨૦૨૪ (બુધવાર), મતગણતરી તારીખ-૨૩-૧૧-૨૦૨૪ (શનિવાર) રહેશે. એ યાદ રહે કે થોડા દિવસ પહેલા જ




ચૂંટણી પંચની ટીમ મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણીની તૈયારીઓનો હિસાબ લેવા ગઈ હતી અને અધિકારીઓ સાથે બેઠક પણ યોજાઈ હતી. બેઠક બાદ પ્રેસ કોન્ફરન્સમાં મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે કહ્યું હતું કે મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણી ૨૬ નવેમ્બર સુધીમાં યોજાશે. તમને જણાવી દઈએ કે મહારાષ્ટ્રમાં વર્તમાન વિધાનસભાનો કાર્યકાળ પણ નવેમ્બરમાં જ સમાપ્ત થઈ રહ્યો છે. મુખ્ય ચૂંટણી કમિશનરે કહ્યું કે ઝારખંડ વિધાનસભા ચૂંટણીની તારીખોની જાહેરાત કરવામાં આવી છે. ૮૧ વિધાનસભા બેઠકો માટે બે તબક્કામાં ચૂંટણી યોજાશે. પ્રથમ તબક્કામાં ૧૩ નવેમ્બરે અને બીજા તબક્કામાં ૨૦ નવેમ્બરે મતદાન થશે. જ્યારે ૨૩મી નવેમ્બરે મતગણતરી થશે. મુખ્ય ચૂંટણી કમિશનરે કહ્યું કે ઝારખંડમાં પ્રથમ તબક્કા માટે ૧૮ ઓક્ટોબરે નોટિફિકેશન બહાર પાડવામાં આવશે. નામાંકન ૨૫ ઓક્ટોબરથી શરૂ થશે. ઉમેદવારી પત્રોની ચકાસણી ૨૮ ઓક્ટોબરે થશે. ૩૦ ઓક્ટોબરે નામાંકન પરત ખેંચવામાં આવશે. જ્યારે ૧૩ નવેમ્બરે મતદાન થશે.

### વિધાનસભાની ચૂંટણીઓ સાથે બે લોકસભા અને ૪૮ વિધાનસભા બેઠકો પર પેટાચૂંટણી

બે રાજ્યોની વિધાનસભા ચૂંટણીની જાહેરાત કરવામાં આવી છે. ચૂંટણી પંચે મહારાષ્ટ્ર અને ઝારખંડમાં વિધાનસભા ચૂંટણીની તારીખોની જાહેરાત કરી દીધી છે. આ સાથે દેશભરમાં ૧૩ રાજ્યોની ૪૮ વિધાનસભા બેઠકો અને બે રાજ્યોમાં લોકસભાની બે બેઠકો પર પેટાચૂંટણી પણ યોજાશે. દેશભરમાં જે લોકસભા સીટો પર પેટાચૂંટણી યોજાવાની છે તેમાં વાયનાડ સીટ સૌથી વધુ ચર્ચામાં છે. વાયનાડ બેઠક રાહુલ ગાંધીના રાજીનામાથી ખાલી પડી છે જેઓ ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં વાયનાડ તેમજ અમેઠી બેઠક પરથી જીત્યા હતા. જો કે, રાહુલે અમેઠી બેઠક જાળવી રાખી અને વાયનાડ બેઠક પરથી રાજીનામું આપ્યું. નાંદેડ, મહારાષ્ટ્રઃ દેશમાં લોકસભા સીટોમાં નાંદેડ બીજી એવી સીટ છે જ્યાં પેટાચૂંટણી યોજાવાની છે. મહારાષ્ટ્રની આ બેઠક કોંગ્રેસના સાંસદ વસંતરાવ ચવ્હાણના નિધનને કારણે ખાલી થઈ છે. બસીરહાટ, પશ્ચિમ બંગાળઃ તૃણમૂલ સાંસદ હાજી નુરુલ ઈસ્લામના નિધનથી બસીરહાટ લોકસભા સીટ ખાલી થઈ ગઈ છે. ચૂંટણી પંચે આ બેઠક પર પેટાચૂંટણીની જાહેરાત કરી નથી. અહીંની પેટાચૂંટણીની જાહેરાત હવે પછી કરવામાં આવશે.

## જયશંકર એસસીઓ સમિટમાં ભાગ લેવા પાકિસ્તાન પહોંચ્યા

# ૯ વર્ષ પછી ભારતીય વિદેશ મંત્રીની પાકિસ્તાન મુલાકાત

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૧૫

ભારતના વિદેશ પ્રધાન ડો. એસ. જયશંકર એસસીઓ સરકારના વડાઓની પરિષદની ૨૩મી બેઠકમાં ભાગ લેવા પાકિસ્તાન પહોંચ્યા છે. શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશનની બેઠકમાં ભાગ લેવા માટે ભારતના વિદેશ મંત્રી ૯ વર્ષમાં પ્રથમ વખત પાકિસ્તાન પહોંચ્યા છે. ભારતીય વિદેશ મંત્રીની આ મુલાકાત ઘણી મહત્વપૂર્ણ માનવામાં આવે છે. તેણે હાલમાં જ કહ્યું હતું કે કોઈપણ પાડોશી દેશની જેમ ભારત પણ પાકિસ્તાન સાથે વધુ સારા સંબંધો ઈચ્છે છે. પરંતુ, સરહદ પારના આતંકવાદને નજરઅંદાજ કરીને આ કરી શકાય નહીં. પાકિસ્તાનના વડાપ્રધાન શહેબાઝ શરીફ ડિનરનું આયોજન કરશે અને તેની સાથે જ એસસીઓ સમિટ શરૂ થશે. છેલ્લા ઘણા સમયથી બંને પાડોશી દેશોના સંબંધોમાં ચાલી રહેલા તણાવ વચ્ચે ભારત તરફથી પાકિસ્તાનની આ પ્રથમ ઉચ્ચ સ્તરીય મુલાકાત છે. આપણે અહીં એ પણ નોંધીએ કે બંને પક્ષોએ એસસીઓ સરકારના



વડાઓની સમિટની બાજુમાં જયશંકર અને તેમના પાકિસ્તાની સમકક્ષ ઈશાક ડાર વચ્ચે કોઈપણ દ્વિપક્ષીય વાતચીતનો ઈનકાર કર્યો છે. પાકિસ્તાનની મુલાકાત લેનાર ભારતના છેલ્લા વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજ હતા. તે અફઘાનિસ્તાન પર એક કોન્ફરન્સમાં ભાગ લેવા માટે ડિસેમ્બર ૨૦૧૫માં ઈસ્લામાબાદ ગયા હતા. પાકિસ્તાને ઓગસ્ટમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને એસસીઓ સમિટમાં ભાગ લેવા આમંત્રણ આપ્યું હતું. પાકિસ્તાનની રાજધાની ઈસ્લામાબાદમાં એસસીઓ સમિટ માટે કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. જે હોટેલોમાં વિદેશી પ્રતિનિધિમંડળ રોકાયા છે ત્યાં સુરક્ષાકર્મીઓ તૈનાત કરવામાં આવ્યા છે.

# ચીનનો તાઈવાનમાં ઘૂસણખોરીનો પ્રયાસ : ૧૪ યુદ્ધ જહાજ અને ૧૫૩ એરક્રાફ્ટ તાઈવાનની સીમામાં પ્રવેશ્યા

**ચીન અને તાઈવાન વચ્ચે સતત તણાવ**

(એ.આર.એલ),તાઈપેઈ,તા.૧૫

ચીન અને તાઈવાન વચ્ચે સતત તણાવ વધી રહ્યો છે. બેઈજિંગ તેની ક્રિયાઓથી બચી રહ્યું નથી. ફરી એકવાર ચીની સેનાએ તાઈવાનની સરહદમાં ઘૂસણખોરીનો પ્રયાસ કર્યો. જોકે, તાઈવાનની સેનાએ પણ જવાબ આપ્યો હતો. તાઈવાનના રક્ષા મંત્રાલયે કહ્યું કે તાઈવાનની સરહદ નજીક ચીનના વિમાન, નૌકાદળના જહાજો અને જહાજો જોવા મળ્યા હતા. તાઈવાનના રાષ્ટ્રીય સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે મંગળવારે સવારે ૬ વાગ્યે તાઈવાનની આસપાસ ૧૪ ચીની નૌકાદળના જહાજો અને



૧૨ સત્તાવાર જહાજો જોવા મળ્યા હતા. જ્યારે ૧૫૩ મિલિટરી એરક્રાફ્ટ ઉડતા જોવા મળ્યા હતા. સૈન્યએ અહેવાલ આપ્યો છે કે ૧૫૩ વિમાનોમાંથી ૧૧૧ તાઈવાન સ્ટ્રેટની મધ્યરેખાને પાર કરીને તાઈવાનના ઈસ્ટર્ન એર ડિફેન્સ આઈડેન્ટિફિકેશન ઝોનમાં પ્રવેશ્યા હતા. તમને જણાવી દઈએ કે ચીન અને તાઈવાન વચ્ચેની આ જળ સંધિ એક અનૌપચારિક સરહદ છે. જવાબમાં, તાઈવાને ચીનની ગતિવિધિઓ પર નજર રાખવા માટે એરક્રાફ્ટ, નૌકાદળના જહાજો અને એર ડિફેન્સ મિસાઈલ સિસ્ટમ્સ તૈનાત કરી. એમએનડીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર આ માહિતી આપી. તાઈવાનના સંરક્ષણ મંત્રાલયે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર કહ્યું, 'આજે સવારે તાઈવાનની આસપાસ ૧૫૩ એરક્રાફ્ટ, ૧૪ યુદ્ધજહાજ અને ૧૨ જહાજ જોવા મળ્યા. ૧૧૧ એરક્રાફ્ટ તાઈવાન સ્ટ્રેટની મધ્યરેખાને પાર કરીને તાઈવાનના ઉત્તર, મધ્ય, દક્ષિણપશ્ચિમ અને દક્ષિણપૂર્વીય ADIZ માં પ્રવેશ્યા. અમે સ્થિતિ પર નજર રાખી રહ્યા છીએ.




# એર ઈન્ડિયા, સ્પાઈસ જેટ, ઈન્ડિગો અને અકાસાના ૪ વિમાનને બોમ્બથી ઉડાવવાની ધમકી

નવી દીલ્હી, તા.૧૫

દેશના ચાર વિમાનોને બોમ્બની ધમકી મળી છે, જે બાદ અફરાતફરી જેવો માહોલ થયો છે. સુરક્ષા એજન્સીઓ એક્શનમાં આવી ગઈ છે. પ્લેનને નજીકના એરપોર્ટ પર લેન્ડ કરવામાં આવી રહ્યા છે અને ત્યારબાદ તેની સંપૂર્ણ તપાસ કરવામાં આવી રહી છે. આ એરક્રાફ્ટમાં એર ઈન્ડિયા, સ્પાઈસ જેટ, ઈન્ડિગો અને અકાસાના એરક્રાફ્ટનો સમાવેશ થાય છે. આ ઉપરાંત સુરક્ષા એજન્સીઓએ ધમકી આપનારાઓને શોધવાના પ્રયાસો તેજ કર્યા છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર દમણથી લખનઉ જતી ઈન્ડિગોની ફ્લાઈટને બોમ્બની ધમકી મળ્યા બાદ જયપુર તરફ ડાયવર્ટ કરવામાં આવી હતી. બોમ્બની ધમકી બાદ ફ્લાઈટનું ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું છે. દરભંગા-મુંબઈ સ્પાઈસ જેટની ફ્લાઈટમાં બોમ્બ હોવાની ધમકી મળી હતી, ત્યારબાદ પ્લેનને લેન્ડ કરવામાં આવ્યું હતું. એર ઈન્ડિયાના વિમાનમાં બોમ્બ હોવાની ધમકી મળી હતી.







# ઓમર આજે જમ્મુ-કાશ્મીરના સીએમ તરીકે શપથ લેશે

(એ.આર.એલ),જમ્મુ,તા.૧૫

નેશનલ કોન્ફરન્સના નેતા ઓમર અબ્દુલ્લાના નેતૃત્વમાં જમ્મુ-કાશ્મીરમાં નવી સરકાર ૧૬ ઓક્ટોબરે શપથ લેશે. કલમ ૩૭૦ હટાવ્યા બાદ અને કેન્દ્રશાસિત પ્રદેશ બન્યા બાદ જમ્મુ-કાશ્મીરમાં આ પહેલી ચૂંટાયેલી સરકાર હશે. લેફ્ટનન્ટ ગવર્નર (એલજી) મનોજ સિન્હાએ બુધવારે નેશનલ કોન્ફરન્સના ધારાસભ્ય દળના નેતા ઓમરને મુખ્યમંત્રી તરીકે શપથ લેવા આમંત્રણ આપ્યું છે. તેઓ શ્રીનગરના શેર-એ-કાશ્મીર ઈન્ટરનેશનલ કોન્ફરન્સ સેન્ટરમાં સવારે ૧૧:૩૦ વાગ્યે મુખ્યમંત્રી અને મંત્રીઓને શપથ લેવડાવશે. એક દિવસ પહેલા જ કેન્દ્ર સરકારે જમ્મુ-કાશ્મીરમાંથી રાષ્ટ્રપતિ શાસન હટાવવાની સૂચના સાથે નવી સરકારની રચનાનો માર્ગ ખોલી દીધો હતો. એનસી પ્રમુખ ફારુક અબ્દુલ્લા, કોંગ્રેસ, સીપીઆઈ એમ, આપ અને અપક્ષ ધારાસભ્યોએ ઓમરને શપથ લેવા વિનંતી કરતા સમર્થનનો પત્ર મોકલ્યો હતો.



સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
બુધવાર, તા.૧૬-૧૦-૨૦૨૪

## બહારવટિયા અને ખાનદાનીના દૃષ્ટાંત

# જોગીદાસબાપુ ખુમાણની પ્રતિમાનું સા.કુંડલા નગરપાલિકાના પરિસરમાં મોરારીબાપુના હસ્તે અનાવરણ

સાવરકુંડલા,તા.૧૫

સાવરકુંડલા પંથકના ગૌરવ એવા બહારવટિયા અને જેની ખાનદાની માટે ઈતિહાસે નોંધ લીધી છે એવા જોગીદાસબાપુ ખુમાણની પૂર્ણ કદની પ્રતિમાનું અનાવરણ સુપ્રસિદ્ધ રામાયણી મોરારીબાપુના હસ્તે આજે નગરપાલિકા પરિસરમાં કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોરારીબાપુએ તેમની ખાનદાની, ખુમારી અને જોગીદાસ બાપુમાં જે સમાજને અનુકરણ કરવા જેવા ગુણો હતા તેનું વર્ણન કરી સમગ્ર વિશ્વને એક સંદેશ આપ્યો છે કે જોગીદાસ બાપુમાં પંચતત્વના અદભુત ગુણ હતા તે સમાજે અપનાવવા જોઈએ. આ પ્રસંગે તેમણે પોતાનો રાજીપો વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે ઈફ્કોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા



હતા. દિલીપભાઈ સંઘાણીએ લૂંટારા અને બહારવટિયાનો ભેદ સમજાવી જોગીદાસ બાપુની ખાનદાની વિશે ઉદાહરણો આપ્યા હતા. ધારાસભ્ય મહેશભાઈ કસવાળાએ આ ક્ષણને ઐતિહાસિક ક્ષણ ગણાવી



હતી. સાવરકુંડલા નગરપાલિકાને જોગીદાસબાપુનું નામકરણ અને આજે તેમની મૂર્તિ પ્રસ્થાપિત કરવાનું પોતાને સૌભાગ્ય મળ્યું હોવાનું ગૌરવ અનુભવ છે તેવું તેમણે જણાવ્યું હતું. આ અવસરે ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, ગોરધનભાઈ ઝડફિયા, સાંસદ ભરતભાઈ સુતરીયા, નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા, જનકભાઈ તળાવીયા, હીરાભાઈ સોલંકી, જે.વી. કાકડીયા અને જેનું વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું તેવા ભીખુદાન ગઢવી, સતાધારથી વિજયબાપુ, સાવરકુંડલાના દેવી સ્વરૂપ ઉષામૈયા અને જ્યોતિમૈયા, માનવ મંદિરના ભક્તિબાપુ, વિદ્યાગુરુ ફાઉન્ડેશનના પ્રમુખ હરેશભાઈ મહેતા, નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, ચીફ ઓફિસર, નગરપાલિકાના તમામ કાઉન્સિલરો, કર્મચારીઓ, કેતનભાઈ ખુમાણ અને તેમની ટીમ, જોગીદાસબાપુ ખુમાણ અનાવરણ સમિતિ તથા વિશાળ સંખ્યામાં જનમેદની ઉપસ્થિત રહી હતી.

# ચાડીયામાં મુખ્યમંત્રીના હસ્તે ત્રણ ચેકડેમનું ખાતમુહૂર્તઃ પાણી પ્રશ્નનો કાયમી ઉકેલ

અમરેલી,તા.૧૫

અમરેલીના ચાડીયા ગામમાં આગામી તા. ૫ નવેમ્બર, ૨૦૨૪ના રોજ એક ઐતિહાસિક દિવસની તૈયારીઓ ચાલી રહી છે. આ દિવસે મુખ્યમંત્રીના વરદ હસ્તે ત્રણ ચેકડેમનું ખાતમુહૂર્ત થવાનું છે, જે ગામના કાયમી પાણી પ્રશ્નનો ઉકેલ લાવશે. આ અવસરે યોજાનાર માતૃવંદના કાર્યક્રમમાં ગામના રહેવાસીઓ, રાજકીય આગેવાનો, સામાજિક કાર્યકરો તેમજ વતનથી દૂર વસતા ચાડીયાના વતનીઓ મોટી સંખ્યામાં હાજરી આપવાના છે. અન્નપૂર્ણા ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ હસમુખભાઈ ગઢિયા, વલ્લભભાઈ રામાણી ટ્રસ્ટી, ધીરૂભાઈ ભંડેરી, મનસુખભાઈ ગજેરા, ધનસુખભાઈ ભંડેરી, કનુભાઈ શીંગાળા, રમેશભાઈ નાનજીભાઈ, પ્રવિણભાઈ પાનસુરીયા, બાબુભાઈ ખોડાભાઈ અને અન્ય ટ્રસ્ટીઓ,



ગામના આગેવાનો જેવા કે મંડળીના પ્રમુખ લાલજીભાઈ રામાણી, સરપંચ સુરેશભાઈ વાળા, ધનશ્યામભાઈ વાળા મંડળીના પ્રમુખ, બીપીનભાઈ ભંડેરી, ગુણવંત ભંડેરી, ઉપ સરપંચ હરેશભાઈ વાળા વગેરે આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સતત પ્રયત્નશીલ છે. ટ્રસ્ટ વતી વલ્લભભાઈ રામાણીએ જણાવ્યું કે વર્ષોથી વતનથી દૂર રહેતા ગ્રામજનો પણ આ કાર્યક્રમમાં હાજરી આપવા ઉત્સુક છે અને ટ્રસ્ટના પ્રમુખ હસમુખભાઈને સહકાર આપી રહ્યા છે.

# ચલાલાની દીકરી સુધાબેન કાકડીયાએ ગિનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મેળવ્યું

ચલાલા,તા.૧૫

ચલાલા શહેર અને સમગ્ર અમરેલી જિલ્લાને ગૌરવાન્વિત કરતી ઘટના બની છે. કાકડીયા પરિવારની યશસ્વી, ઓજસ્વી અને તેજસ્વી દીકરી સુધાબેન જયંતીભાઈ કાકડીયાએ ગિનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મેળવ્યું છે. સુધાબેન કાકડીયાએ ફેશન ડિઝાઈન અને હેન્ડીક્રાફ્ટ ક્ષેત્રમાં નોંધપાત્ર પ્રદાન કર્યું છે. તેમણે અનેક લોકોને



રોજગારી પૂરી પાડી છે અને અવનવી વસ્તુઓનું નિર્માણ કરીને પોતાના કાર્યક્ષેત્રમાં અનેક નવા કીર્તિમાન સ્થાપિત કર્યા છે. આ અગાઉ પણ તેમણે અનેક એવોર્ડ્ર્સ મેળવ્યા હતા, પરંતુ ગિનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મેળવવું એ તેમની કારકિર્દીની સર્વોચ્ચ સિદ્ધિ છે. આ ઉપલબ્ધિ બદલ સુધાબેન કાકડીયાનું સન્માન કરવા માટે એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય જે.વી. કાકડીયાએ એવોર્ડ એનાયત કર્યો અને સુધાબેનનું સન્માન કર્યું હતું. આ ઉપરાંત કાર્યક્રમમાં ઉદયભાઈ ભગત, જયંતીભાઈ પાનસુરિયા, ગીતાબેન કારીયા સહિત અનેક રાજકીય અને સામાજિક આગેવાનોએ પણ હાજરી આપી હતી.

# સા.કુંડલામાં RSS દ્વારા ભવ્ય પથ સંચલન સાથે સંઘની ૯૯મી વર્ષગાંઠ ઉજવાઈ

સાવરકુંડલા,તા.૧૫

સાવરકુંડલામાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની ૯૯મી વર્ષગાંઠની ઉજવણીના ભાગરૂપે શહેરમાં ભવ્ય પથ સંચલનનું આયોજન કરવામાં આવ્યું હતું. શહેરના જેસર રોડ અને સોસાયટીઓમાં નીકળેલા આ પથ સંચલનમાં મોટી સંખ્યામાં સંઘના કાર્યકર્તાઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો. બાળકોથી લઈને વૃદ્ધો સુધીના સંઘના કાર્યકર્તાઓએ ભગવા ધ્વજ અને ગણવેશમાં સજ્જ થઈને શહેરના માર્ગો પર



શોભા વધારી હતી. નગરવાસીઓએ પણ ઉત્સાહપૂર્વક આ કાર્યક્રમમાં જોડાઈને ધ્વજપૂજન તેમજ પુષ્પવર્ષા કરીને સ્વાગત કર્યું હતું.

# ભુરખીયા હનુમાન મંદિરે બુધવારે વિનામૂલ્યે નેત્ર નિદાન કેમ્પ યોજાશે

દામનગર, તા.૧૫

ભુરખીયા હનુમાનજી દાદાના મંદિરે રમાબેન અનિલભાઈ પારેખ પરિવાર-મુંબઈના આર્થિક સહયોગથી વિનામૂલ્યે નેત્ર નિદાન કેમ્પ યોજાશે. લાયન્સ કલબ ઓફ અમરેલી ( સીટી ), શ્રી ભુરખીયા હનુમાનજી ટ્રસ્ટ અને સુદર્શન નેત્રાલય અમરેલીના સંયુક્ત ઉપક્રમે ૧૬-૧૦-૨૪ બુધવારના રોજ આયોજિત આ ૭૯મો કેમ્પ સવારે ૮ થી બપોરના ૧૨ વાગ્યા સુધી યોજાશે. જેમાં આંખોની તપાસ કરી, મોતિયાના ટાંકા વગરના ઓપરેશન કરી નેત્રમણી બેસાડી આપવામાં આવશે. આ કેમ્પનો લાભ લેવા આવનાર દર્દીઓએ મોબાઈલ નંબર અને આધાર કાર્ડ લાવવું જરૂરી છે.

# ચલાલા કન્યા શાળાના નવા મકાનનું ખાતમુહૂર્ત સંપન્ન

ચલાલા, તા.૧૫

ચલાલામાં આવેલી ઐતિહાસિક પ્રાથમિક કન્યા શાળાના નવા મકાનનું ખાતમુહૂર્ત સંપન્ન થયું હતું. ૧૫ ઓગસ્ટ ૧૮૯૩માં સ્થાપિત આ શાળા, જે હાલમાં ૩૦૦ વિદ્યાર્થિનીઓને શિક્ષણ આપી રહી છે, તેના ૧૩૧ વર્ષ જૂના જર્જરિત મકાનને સ્થાને નવા ભવનનું નિર્માણ થશે. ધારાસભ્ય જે.વી. કાકડીયાના



ધ્યાને આ બાબત આવતા તેમણે નવા મકાન માટેની પહેલ કરી હતી. ખાતમુહૂર્ત વિધિ ધારાસભ્ય અને શાળાની ભૂતપૂર્વ વિદ્યાર્થિની સુધાબેન કાકડીયાના હસ્તે સંપન્ન થઈ. આ પ્રસંગે ઉદયભાપુ ભગત, ડૉ. રતિદાદા મહેતા, મયુરબાપુ ગોસાઈ અને જયંતિભાઈ પાનસુરીયા ઉપસ્થિત રહ્યા હતા.

# ધારીમાં તાલુકા પ્રા. શિક્ષક સંઘ દ્વારા ઋણ સ્વીકાર કાર્યક્રમ યોજાયો

ધારી, તા.૧૫

સરકાર દ્વારા વર્ષ ૨૦૦૫ પહેલાની ભરતી થયેલ કર્મચારીઓનો જૂની પેન્શન યોજનામાં સમાવેશ કરાયો. ધારીના તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા શિક્ષકોની વર્ષો જૂની પડતર માંગણી જૂની પેન્શન યોજના માટે અનેકવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. આ કાર્યક્રમોમાં તાલુકા લેવલના ધારાસભ્ય તથા પદાધિકારીઓએ કર્મચારી પ્રત્યે સતત હકારાત્મક અભિગમ રાખેલ હતો. જે અનુસંધાને કર્મચારીઓની માંગણીઓ સ્વીકારાતા ધારાસભ્ય જે.વી. કાકડિયા, આરોગ્ય સમિતિના ચેરમેન અશ્વીનભાઈ કુંજડીયા, જિલ્લા પંચાયતના સદસ્ય ભુપતભાઈ વાળા,



ખોડાભાઈ ભુવા, તાલુકા પંચાયતના પ્રમુખ ઘનશ્યામભાઈ હીરપરા, તાલુકા ભાજપ પ્રમુખ જીતુભાઈ જોષી, પૂર્વ તાલુકા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, તાલુકા ભાજપ મહામંત્રી મૃગેશભાઈ કોટડીયા, માર્કેટયાર્ડનાં ઉપપ્રમુખ હર્ષદભાઈ રાવલનો આભાર માની ઋણ સ્વીકાર કરવા માટે તાલુકા પંચાયત કચેરી ખાતે ૧૪ ઓક્ટોબરના રોજ કાર્યક્રમ યોજાયો હતો.

ડ્રીમ ફેમિલી સ્પા – ધમાકા ઓફર
Dream Family spa
Ladies & Gents
ડ્રીમ ફેમેલી સ્પા
ભાઈઓ માટે Rs.1499/- માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૬૦ મિનીટ (૧ કલાક)
બહેનો માટે Rs.699/- માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1199/- માં પ્રિમીયમ મસાજ
Appointment Now Mo.8160832025
અયોધ્યા એપાર્ટમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર, B વિભાગ, રોયલ અમોઝોન પાર્કની બાજુમાં અમરેલી.

અરોમા પ્રિમીયમ બોડી સ્પા
ધમાકા ઓફર
AROMA PREMIUM BODY SPA
ધમાકા ઓફર
લેડીઝ માટે Rs.699/-
કપલ માટે Rs.1299/-
ભાઈઓ માટે એક સાથે એક ફ્રિ
એપોઈન્ટમેન્ટ માટે
M.8238599299
સરદાર કોમ્પલેક્ષ, કૈલાશ મુક્તિધામની સામે, કેરીયા બાયપાસ ચોકડી પાસે, અમરેલી-૩૬૫૬૦૧

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારુતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)
વ્હીલ એલાઈમેન્ટ, વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર
ચક્કરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




મુકેશ સંઘાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંઘાણી 98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એક્સીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેક્ટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્કિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શ્યુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ શ્રેષ્ઠ ગ્રાહક સેવા ગુણવત્તાયુક્ત કામ પ્રોફેશનલ અને સ્કીલ્ડ ટીમ
મુકેશ મોટર ગેરેજ
Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચક્કરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

ભારે વરસાદને કારણે મગફળીનો તણાયેલો પાક બાબાપુર પાસે નાળામાંથી વિણતા ખેડૂતો

# અમરેલી જિલ્લામાં વરસાદને કારણે ખેડૂતોના મોંમાં આવેલો કોળિયો ઝૂંટવાયો

**છેલ્લા ત્રણ દિવસથી પડેલા ભારે વરસાદને કારણે જગતનો તાત લાચાર**

અમરેલી તા.૧૫

અમરેલી જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી પડેલા વરસાદથી જનજીવન અસ્તવ્યસ્ત થયું છે. જેમાં ભારે વરસાદને કારણે ખેતીના પાકોમાં વ્યાપક નુકસાન થયું છે અને ખેડૂતોના મોંમાં આવેલો તૈયાર પાકનો કોળિયો ઝૂંટવાઈ ગયો છે. સોમવારે અમરેલી તાલુકાના બાબાપુર, જાળીયા, ગાવડકા, થોરડી, કમીગઢ શહિતના વિસ્તારો અને બગસરા તાલુકામાં અનરાધાર વરસેલા વરસાદે મગફળીના પાકને મોટું નુકસાન કર્યું છે. ખેડૂતોના





ખેતરમાં પડેલા મગફળીના પાથરા ભારે વરસાદના કારણે તણાયા હતા અને નાળાઓમાં જાડી-ઝાંખરાઓમાં ભરાયા હતા. બાબાપુર રોડ પર આવેલા એક નાળામાં સવારે ખેડૂતો આ તણાયેલ મગફળીના પાથરા ભેગા કરતા હોય તેવા દૃશ્ય જોવા મળ્યા હતા. આ ઉપરાંત કપાસ અને સોયાબીનના પાકને પણ મોટું નુકસાન થયું છે. આથી જિલ્લાભરમાં ભારે વરસાદને કારણે થયેલા પાકનાં નુકસાનનું વળતર આપે અને સરકાર આ અંગે તાત્કાલિક સર્વે કરાવી ખેડૂતોને સહાય કરે એવી માંગ ઉઠવા પામી છે.

## ગુજરાત રાજયના મેરિટાઇમ બોર્ડ કર્મચારી મંડળ પ્રમુખ તરીકે રાજુલાના પૂર્વ ધારાસભ્ય અંબરીષ ડેરની નિમણૂક કરાઇ

અમરેલી, તા.૧૫



અમરેલી જિલ્લાના રાજુલા વિસ્તારના પૂર્વ ધારાસભ્ય અંબરીષ ડેરની આજે ગાંધીનગર ખાતે ગુજરાત રાજ્યના મેરિટાઇમ બોર્ડ(GMB) કર્મચારી સંઘ મહામંડળના ક્લાસ ૩ અને ૪ના કર્મચારી મંડળના પ્રમુખ તરીકે નિમણૂક કરવામાં આવતા આજે અંબરીષ ડેરએ પ્રમુખ તરીકેનો વિધિવત ચાર્જ સંભાળી લીધો હતો. તેમને ગાંધીનગર ખાતે પ્રમુખ તરીકેની જવાબદારી મળતા પોરબંદરના ધારાસભ્ય અર્જુનભાઈ મોઢવાડીયા, લોકગાયક કિર્તીદાન ગઢવી, લોકસાહિત્યકાર માયાભાઈ આહીર સહિત ઉપસ્થિત રહ્યા હતા. રાજુલાના કેટલાક કાર્યકરો પણ ઉપસ્થિત રહ્યા હતા.

## દેવગામમાં નવરાત્રી મહોત્સવઃ નવદુર્ગા રાસ મંડળ દ્વારા બાળાઓને લ્હાણી અર્પણ



કુંકાવાવ,તા.૧૫

કુંકાવાવ તાલુકાના દેવગામ ગામમાં નવરાત્રી મહોત્સવની ઉજવણીનો માહોલ જામ્યો હતો. આસો સુદ અગિયારસના રોજ રવિવારે યોજાયેલા વિશેષ કાર્યક્રમમાં નવદુર્ગા રાસ મંડળ દ્વારા ગામની નાની બાળાઓને લ્હાણી આપવામાં આવી હતી. આ પવિત્ર અવસર પર આયોજિત કાર્યક્રમમાં બાળાઓએ મા અંબાના ભક્તિભાવપૂર્ણ ગરબા રજૂ કર્યા હતા. નાની બાલિકાઓએ પરંપરાગત વેશભૂષામાં સજ્જ થઈને રાસ અને ગરબાની રમઝટ બોલાવી હતી, જેણે ઉપસ્થિત સૌ કોઈનું મન મોહી લીધું હતું. નવદુર્ગા રાસ મંડળના સભ્યોએ બાળાઓને લ્હાણી આપીને તેમને આશીર્વાદ આપ્યા હતા.

## દામનગરના ઠાસા ગામેથી મહિલાના મકાનેથી ૧૦ લીટર દેશી દારૂ પકડાયો

અમરેલી, તા.૧૫

અમરેલી જિલ્લામાંથી પોલીસે બે સ્થળેથી ૧૫ લીટર પીવાનો દેશી દારૂ ઝડપી પાડ્યો હતો. દામનગરના ઠાસા ગામેથી એક મહિલાના રહેણાંક મકાનેથી ૧૦ લીટર તથા ત્રંબોડા ગામેથી ૫ લીટર દારૂ પકડાયો હતો. નારાયણ નગર ગામે ઢોરા વિસ્તારમાંથી એક યુવક કેફી પીણું પીને ફરતી હાલતમાં મળી આવ્યો હતો. લાઠી અને ખાંભામાંથી બે ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં વાહન ચલાવતાં મળી આવ્યા હતા.

## અવસાન નોંધ

**દામનગર**

સ્વ. રજનીકાંત દોલતરાય ત્રિવેદી (ઉ.વ.૭૫) નું તા. ૧૪/૧૦/૨૦૨૪ના રોજ અવસાન થયેલ છે. તે હેતલબેન અમિતકુમાર જોષી, કોમલબેન કુણાલકુમાર જોષીના પિતાશ્રી, સ્વ.ભારતીબેન, સ્વ. ગીતાબેન, મૃદુલાબેન, પીનાકિંભાઈના મોટાભાઈ, હરકાંતભાઈ દવેના બનેવી, જિજ્ઞાસા પિયુષ ત્રિવેદીના સસરા થાય છે. તેમનું બેસણુ તેમના નિવાસ સ્થાન જેડી પાર્ક, ઢસા રોડ દામનગર તા. ૧૭/૧૦/૨૪ને ગુરુવારના રોજ સાંજના ૩થી ૬ અને ભાવનગર મુકામે તેમના નિવાસ સ્થાને તા.૧૮/૧૦/૨૦૨૪ને શુક્રવારે રાખેલ છે.

**બગસરા**

ગં.સ્વ. સવિતાબેન મનસુખલાલ ત્રિવેદી (ઉ.વ.૮૫)નું તા.૧૪ ને સોમવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તેમનુ બેસણુ તા.૧૭ને ગુરુવારના રોજ સાંજે ૪થી ૬ બ્રહ્મસમાજની વાડીમાં રાખેલ છે.

## બાબરામાં આત્મા પ્રોજેક્ટ અંતર્ગત પ્રાકૃતિક કૃષિ શિબિર યોજવામાં આવી

બાબરા, તા.૧૫



આત્મા પ્રોજેકટ અમરેલી અંતર્ગત બાબરા તાલુકાના બાબરા ગામે પ્રાકૃતિક કૃષિ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આત્મા પ્રોજેકટમાંથી બીટીએમ રાજેશભાઈ કોયાણી, એટીએમ રોહિતભાઈ પટેલ, ભરતભાઈ રાઠોડ, વિસ્તરણ અધિકારી મુકેશભાઈ પ્રજાપતિ અને ગ્રામ સેવક તથા ખેડૂત માસ્ટર ટ્રેનર પરેશભાઈ કુંભાણી, કેતનભાઈ પરવાડીયા હાજર રહ્યા હતા. જેમણે પ્રાકૃતિક કૃષિથી થતા ફાયદા અને જીવામૃત, ઘન જીવામૃત બનાવવા માટેની વિસ્તૃત માહિતી આપી અને હાજર ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ કરવા માટેનું આહ્વાન કર્યું હતું.

KAKA® PVC PROFILE
શ્રેષ્ઠ ક્યારેય સસ્તુ ન હોય, સસ્તુ ક્યારેય શ્રેષ્ઠ ન હોય.
નિર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨
શ્રી વલ્લભ એન્ટરપ્રાઇઝ
કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા
ફાયદા : ઉધઈ પ્રુફ, પાણીની કોઈ અસર નહિ
પીવીસી પતરા ઓર્ડર પ્રમાણે મળશે
ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું એક આધુનિક પગલું
૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી
CHEMICAL INDUSTRIES SHED IN GUJARAT
ROOF TOUCH SHEETS

અમરેલી જીલ્લાનું સૌથી મોટુ અને સૌ પ્રથમ ફેમીલી સલૂન એટલે.
• હેરકટ • કેરાટીન • હાઈલાઈટસ • સ્મુથનીંગ • બોટોક્ષ • નેનો પ્લાસ્ટી
• ટેટુઝ • શાઈનર • નેલ આર્ટ • ફેસીયલ વીથ હાઈડ્રા • બ્રાઈડલ મેકઅપ • હેર એકસ્ટેન્શન • હેર રીપ્લેસમેન્ટ
Raj Unisex Saloon Since:1996
રાજ ફેમિલી સલૂન
ટ્રેનડ બાય : જાવેદ હબીબ
એપોઈન્ટમેન્ટ નં. 02792-224551/વોટસએપ : 90333 91778
ગીરીરાજ નગર, ઓમનગર મેઈન રોડ, ચિતલ રોડ, અમરેલી.

ખુશખબર... ખુશખબર... ખુશખબર...
હવે આપના નજીકના સ્ટોરમાં ઉપલબ્ધ
અવધ બેસન
વણેલા ગાંઠીયા, ફાફડા તેમજ ચટાકેદાર ફરસાણ માટે સ્પેશ્યલ અવધ બેસન, તો રાહ શેની જુઓ છો...? આજે ઘરે લઈ આવો અને અવધ બેસનમાંથી ફરસાણ બનાવીને મજા માણો
અવધ બેસન તેમજ અવધ કરકરો ૫૦૦ ગ્રામ તથા ૧ - કિલો પેકિંગમાં ઉપલબ્ધ
દરેક રીટેલર તથા હોલસેલર પાસે ઉપલબ્ધ
સમજદાર ગૃહિણીની પહેલી પસંદ એટલે અવધ બેસન
સોમનાથ બેસન ઈન્ડસ્ટ્રીઝ
પ્લોટ નં.૮૨-૧. જી.આઈ.ડી.સી.અમરેલી
ફોન: ૨૪૦૧૧૧/૨૪૦૧૧, મો.૯૮૨૪૨ ૩૦૫૧૫

શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂ.૯૯૯
ડીલક્સ રૂમ રૂ.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ, અમરેલી

પ્રોફેશનલ ફેમિલી સ્પા હવે અમરેલીમાં અમારી બીજી બ્રાન્ચ
SINCE: 2018 (8 વર્ષ જુનુ)
લેડીઝ માટે Rs.799/- કપલ માટે Rs.1399/-
ભાઈઓ માટે એક સાથે એક ફ્રી
PROFESSIONAL spa Amreli
એપોઈન્ટમેન્ટ માટે
Mo. 70169 65665
Mo. 98242 65665
અમરેલી બ્રાન્ચ -૧: અયોધ્યા એપાર્ટમેન્ટ, એમેઝોન રોયલ પાર્ક પાસે, કેરીયા-લીલીયા રોડ બાયપાસ. Mo. 70169 65665
અમરેલી બ્રાન્ચ -૨: સરદાર કોમ્પલેક્ષ, કૈલાશ મુક્તિધામની સામે, કેરીયા બાયપાસ ચોકડી પાસે, Mo.98242 65665

**તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં.૧૪૬/૨૦૨૪

અરજદાર :- શ્રી જંડુરભાઈ મંગાભાઈ જાદવ
સરનામું :- મું.બાબરકોટ, તા.જાફરાબાદ, જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને તલાટી કમ મંત્રીશ્રી, બાબરકોટ, મું.બાબરકોટ, તા.જાફરાબાદ જિ.અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના બાબરકોટ** ગામના શ્રી **જંડુરભાઈ મંગાભાઈ જાદવ** એ તેમની પુત્રી નામે **શ્રી ગુલાબબેન જંડુરભાઈ જાદવ નો જન્મ તા.૧૫/૦૧/૨૦૦૧** નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી **શૈલેષભાઈ વી. વઢવાણા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના **જન્મ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ 03 માહે. **ઓકટોમ્બર** સને. **૨૦૨૪** નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ :- 03/10/૨૦૨૪

(કોર્ટનો સિક્કો)

સહી,
તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે.
ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, ચામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com

**તંત્રી લેખ**

# અમેરિકાની તાકાતને બેલેન્સ કરવા એસ.સી.ઓ. પર્યાપ્ત છે

અમેરિકાની દાદાગીરી આજે વિશ્વભરમાં ચાલે છે. એને કંટ્રોલ કરવા માટે એક નવું સંગઠન ઊભું થઈ રહ્યું છે અને તે સંગઠનનું નામ છે એસ.સી.ઓ. વિશ્વમાં નાટો અત્યારે સૌથી મોટું સંગઠન છે. જેમાં જગતના તાકાત વાળા દેશો સંકળાયેલા છે. આમ છતાં તે યુક્રેન યુદ્ધને અટકાવી શકતું નથી તે એની સૌથી મોટી નિર્બળતા છે. આજે નાટોનો જવાબ આપે, નાટોનો વિકલ્પ બને તેવું વિશ્વ કક્ષાનું મોટું સંગઠન નથી. આવા સંજોગોમાં સાંઘાઈ કો-ઓપરેશન ઓર્ગેનાઈઝેશનનું સ્થાન મહત્વપૂર્ણ બને તેમ છે. અત્યારે દુનિયામાં નાટોનો જવાબ આપે એવુ કોઈ સંગઠન હોય તો તે એસ.સી.ઓ. છે. ભવિષ્ય માટે નાટો કરતાં પણ મોટું સંગઠન બની શકે તેમ છે. કેમ કે એમાં ભારત-ચીન-રશિયા એ ત્રણ મોટા દેશો છે. એસ.સી.ઓ. પણ નાટોની માફક લશ્કરી કરાર કરે તો દુનિયાની સૌથી મોટી સેના ઉભી થઈ જાય. એક સમયે દુનિયાનું એપી સેન્ટર અમેરિકા-યુરોપમાં હતું એ ખસતું ખસતું એશિયા તરફ આવી રહ્યું છે. આ સંજોગોમાં એશિયાઈ દેશો સંગઠીત રહે અને નાટોની માફક તેમની પાસે પણ લશ્કરી- વ્યુહાત્મક દ્રષ્ટિએ કામ કરી શકે એવુ સંગઠન હોય એ જરૂરી છે. એસ.સી.ઓ. એ ભૂમિકા ભજવશે એવું મનાય છે. આ સંગઠન લશ્કરી દ્રષ્ટિએ મજબૂત બની શકે તેમ છે અને તે વિશ્વની સૌથી શક્તિશાળી સેના ધરાવતું સંગઠન બની જશે તેમાં શંકાને કોઈ સ્થાન નથી. આ સંગઠનમાં પાકિસ્તાન પણ છે. આ વખતે તે આ સંગઠનનું યજમાન છે. મહા મુશ્કેલીએ આ સેમિનાર તે યોજી શક્યુ છે કારણ કે પાકિસ્તાનની હાલત ખરાબ છે. મોટા શહેરોમાં વિગ્રહ અને તોફાનો ચાલી રહ્યા છે, પ્રજામાં ભયાનક અસંતોષ છે, ભૂખે મરતી પ્રજા રસ્તા પર આવી ચૂકી છે. આ સંગઠનની સ્થાપના ચીનના શાંઘાઈમાં ૨૦૦૧ માં થઈ હતી. આ સંગઠનમાં અત્યારે કાયમી સભ્યોની સંખ્યા ૧૦ છે. આ દેશો પાસે વિશ્વની કુલ વસ્તીના ૫૦% અને જીડીપીના ૩૩% છે. યુરેશિયાના ૬૦ ટકા જમીન વિસ્તાર અને દુનિયાની અડધી વસ્તી આ સંગઠનના દેશો ધરાવે છે. એસ.સી.ઓ.માં ૨૦૧૭ સુધીમાં છ જ કાયમી સભ્ય હતા. યુરેશિયા એટલે કે યુરોપ અને એશિયામાં આવેલું હોવાથી રશિયા પણ આ સંગઠનમાં છે. ચીન, રશિયા, કઝાકિસ્તાન, તાજિકિસ્તાન આ સંગઠનના સ્થાપક સભ્યો છે. ૨૦૧૭માં કઝાકિસ્તાનના અસ્થાના શહેરમાં યોજાયેલી બેઠકમાં ભારત અને પાકિસ્તાનને પ્રવેશ મળતા કુલ ૮ કાયમી સભ્ય થયા હતા. એ પછી ૨૦૨૩ માં ઈરાનને અને ૨૦૨૪ માં બેલારુસને પણ સભ્ય પદ અપાતા સભ્ય સંખ્યા ૧૦ થઈ. મોંગોલિયા અને અફઘાનિસ્તાન ઓબ્ઝર્વર દેશો છે જ્યારે બીજા ૧૪ ડાયલોગ પાર્ટનર છે. આ સંગઠન પર પહેલા ચીનનું વર્ચસ્વ હતું તેથી ભારતને સંગઠનમાં પ્રવેશ મળતો ન હતો. ચીન આ સંગઠનમાં પાકિસ્તાનને લેવા માંગતું હતું પણ ભારતને પ્રવેશ આપતું નહોતું. ભારતને રશિયા સાથે સારા સંબંધ હોવાથી ૨૦૦૫ થી એસ.સી.ઓ.નું સભ્યો બન્યું હતું પણ ચીનની આડોડાઈને કારણે ફુલટાઈમના મેમ્બર તરીકે પ્રવેશ નહોતો મળતો. રશિયાના ૨૦૧૪ થી અમેરિકા સાથેના સંબંધો તંગ બન્યા પછી રશિયાએ ભારતને પોતાની તરફ વાળવાના પ્રયાસો શરૂ કર્યા હતા. રશિયાના કહેવાથી ૨૦૧૭માં ભારતે ચીનને રાજી રાખવા પાકિસ્તાનને સભ્ય બનાવ્યું હતું. નજીકના ભવિષ્યમાં અમેરિકા સહિતના દેશોની લશ્કરી તાકાતને પહોંચી વળે તેવું આ સંગઠન બનશે એથી અમેરિકાની દાદાગીરી ઘટશે તેવી ધારણા રખાય છે. અત્યારના નોર્થ એટલાન્ટિક ટ્રીટી ઓર્ગેનાઈઝેશન એટલે નાટોની આખી દુનિયામાં દાદાગીરી અને પ્રભાવ છે. યુરોપ અને ઉત્તર અમેરિકાના કુલ ૨૯ દેશો આ સંગઠનના સભ્યો છે. અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ, જર્મની જેવા દુનિયાના અગ્રણી અને પરમાણુ તાકાત ધરાવતા દેશો નાટોમાં હોવા છતાં તેઓ યુક્રેનનું યુદ્ધ અટકાવી શક્યા નથી તે તેની સૌથી મોટી ના-કામયાબી ગણી શકાય. એની સામે એસ.સી.ઓ. હવે દુનિયામાં મહત્વપૂર્ણ સૌથી મોટું સંગઠન બને તો નવાઈ નહીં.

# જાફરાબાદ તાલુકાના વઢેરાથી દુધાળા સુધીનો રસ્તો અતિ બિસ્માર હાલતમાં


તસવીર : બાબુભાઈ વાઢેળ

જાફરાબાદ, તા.૧૫

જાફરાબાદથી વઢેરા, કડીયાળી અને દુધાળાને જોડતો રસ્તો ખૂબ જ બિસ્માર હાલતમાં છે. આ રોડ ઉપર અનેક જીવલેણ અકસ્માતો થાય છે ત્યારે તંત્ર દ્વારા તે અંગે બેદરકારી દાખવવામાં આવે છે તેવું સ્થાનિકોનું માનવું છે. જ્યારે કોઈ ડિલીવરીનો કેસ હોય અથવા તો કોઈપણ ઈમરજન્સી સારવાર માટે દર્દીને લઈને આ રોડ પરથી પસાર થવાનું હોય ત્યારે ખૂબ સમય જાય છે, ઉપરાંત બીજા ગામડાના લોકો, મજૂર વર્ગ, અન્ય લોકોને ઘણી તકલીફ ભોગવી પડે છે. આ રોડ જાફરાબાદથી વઢેરા, કડીયાળી, ધોળાદ્રી, દુધાળા અને ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવેને જોડતો એક જ રસ્તો છે, તેની હાલત ખૂબ જ બિસ્માર છે. આ રોડ ઘણા વર્ષો પહેલા બનાવવામાં આવ્યો હતો. અત્યારે આ રોડ ઉપર એક-એક ફૂટના ખાડા જોવા મળી રહ્યા છે. આ ઉપરાંત કડીયાળી નજીક નવું નાળું બનાવાયું છે પરંતુ તેની બંને સાઈડ પણ ખાડા જોવા મળી રહ્યા છે. આથી આ રોડનું કામ ઝડપથી કરવામાં આવે તેવી લોકો દ્વારા માગણી કરવામાં આવી રહી છે.

# સલડીની એમ.એમ. યાજ્ઞિક હાઈસ્કૂલમાં કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજાયો



લીલીયા, તા.૧૫

લીલીયાના સલડી ગામે એમ. એમ. યાજ્ઞિક હાઈસ્કૂલમાં IT/ ITES તથા કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજાયો હતો. જેમાં નિષ્ણાત કારકિર્દી માર્ગદર્શક લલાડીયા સાહેબે રોચક અને ઉપયોગી માહિતી આપી હતી. શાળા કક્ષાએ આ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સેમિનારને સફળ બનાવવા શાળાના શિક્ષક ગણે ભારે જહેમત ઉઠાવી હતી.

# જિલ્લામાં બે સ્થળેથી ૮ ખેલી ઝડપાયા, ૪ ફરાર

**ફુલ રૂ. ૩૯,૧૫૦ ની મત્તા જપ્ત**

અમરેલી, તા.૧૫

અમરેલી જિલ્લામાંથી પોલીસે બે સ્થળેથી કુલ ૯ શકુનીને ઝડપી પાડ્યા હતા. જ્યારે ૪ ફરાર થઈ ગયા હતા. પોલીસ બંને સ્થળેથી મળીને કુલ ૩૯,૧૫૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. લીલીયા મતિરાળા ગામના માર્ગે આવેલી શાંતિભાઈ બાબુભાઈ ભાલાળાની વાડીના ગાડા માર્ગે જાહેર રસ્તામાંથી અરવિંદભાઈ પરશોત્તમભાઈ ગજેરા, શાંતિભાઈ ભીખાભાઈ ધામત, પ્રફુલભાઈ વલ્લભભાઈ રાછડીયા, રાજુભાઈ નાનજીભાઈ બોદર, કિશોરભાઈ નાથાભાઈ ભાલાળા, શાંતિભાઈ બાબુભાઈ ભાલાળા તથા કનુભાઈ અરજણભાઈ શિંગાળા જાહેરમાં ગંજીપત્તાના પાના તથા પૈસાનો તીનપત્તીનો હાર જીતનો જુગાર રમી રમતા રેઈડ દરમ્યાન રોકડા રૂા.૩૭,૨૭૦ સાથે પોલીસે ઝડપ્યા હતા. લીલીયા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ગૌતમભાઈ વલકુભાઈ વધુ તપાસ કરી રહ્યા છે. નિંગાળા-૧ ગામેથી કાનાભાઈ લાલજીભાઈ સોલંકી તથા કુરજીભાઈ લાલજીભાઈ સોલંકી સ્મશાન પાસે જાહેરમાં ગંજીપત્તાના પાના વડે તીનપત્તીનો જુગાર રમતાં રોકડા ૧૮૮૦ સાથે ઝડપાયા હતા. જ્યારે વિરજીભાઈ નાગજીભાઈ સોલંકી, મહેશભાઈ શીવાભાઈ સોલંકી, કેશવભાઈ ઉર્ફે કેશુ શીયાળ, લાલાભાઈ ઉર્ફે લાલો શીયાળ અને લાલાભાઈ ખોડાભાઈ જોળીયા ફરાર થઈ ગયા હતા. મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જી.બી. ઝીંઝાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીમાં પતિએ પત્નીને મોડી રાત સુધી ફોનમાં સ્ટેટસ જોવાની ના પાડતાં ગળાફાંસો ખાધો

**પતિ સાથે સામાન્ય બોલાચાલી પણ કરી**

અમરેલી, તા.૧૫

આજના સમયમાં મોબાઈલના વપરાશ કરતાં લોકોને તેનાથી એક મિનિટ પણ અળગું થવું ગમતું હોતું નથી. અમરેલીમાં એક પુરુષે તેની પત્નીને મોડી રાત સુધી મોબાઈલમાં સ્ટેટસ ન જોવાનું કહેતાં બોલાચાલી કરી ગળાફાંસો ખાઈ લીધો હતો. બનાવ અંગે મૂળ જામનગરના લાલપુરના મોટા ખડબાના અને હાલ અમરેલીમાં રહેતા નિકુલસિંહ કિરતસિંહ જાડેજા (ઉ.વ.૩૪)એ જાહેર કર્યા મુજબ, તેમના પત્ની ગાયત્રીબા (ઉ.વ.૨૫) મોડી રાત સુધી ફોનમાં સ્ટેટસ જોતી હતી. તેમને બે વર્ષની દીકરી હોવાથી તેને સુવડાવીને સુઈ જવાનું કહેતા સારું નહોતું લાગ્યું અને બોલાચાલી કરી હતી અને ઘરમાં કોઈ હાજર નહોતું ત્યારે પંખા સાથે સાડી બાંધી ગળાફાંસો ખાઈ લીધો હતો. અમરેલી વિભાગના ઈન્ચાર્જ નાયબ પોલીસ અધિક્ષક એ.જી. ગોહીલ વધુ તપાસ કરી રહ્યા છે.

# શીયાળબેટ ગામે આડાસંબંધની શંકામાં બઘડાટી બોલી: સામસામી ફરિયાદ

જાફરાબાદ, તા.૧૫

જાફરાબાદના શીયાળબેટ ગામે આડાસંબંધની શંકામાં બે પક્ષોમાં માથાકૂટ થઈ હતી. બંને પક્ષોએ એકબીજા સામે ફરિયાદ નોંધાવી હતી. શાંતુબેન જીવનભાઈ શીયાળ (ઉ.વ.૪૫)એ સુરેશભાઈ જસુભાઈ ગુજરીયા, કાનાભાઈ મોહનભાઈ શીયાળ તથા રાજીબેન ઝંડુરભાઈ શીયાળ સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, સુરેશભાઈ ગુજરીયાને તેમના દીકરા મહેશ ઉપર તેના પત્ની સાથે આડાસંબંધની શંકા હતી. જેનું મનદુઃખ રાખી આરોપીએ તેમની દીકરીને પ્લાસ્ટિકના પાઈપ વતી માર મારી, ગાળો આપી હતી. તેમજ તેમની દીકરીનો હાથ પકડી ઢસડીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે બાદ સુરેશભાઈ જસુભાઈ ગુજરીયા (ઉ.વ.૩૦) એ શાંતુબેન જીવણભાઈ શીયાળ, આશાબેન જીવણભાઈ શીયાળ, બાબુભાઈ બાળધીયા તથા મહેશભાઈ જીવણભાઈ શીયાળ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમની પત્ની મહેશભાઈ શીયાળ સાથે વાતચીત કરતી હતી. જેથી તેમને ગમતું ન હોવાથી તેઓ આરોપીના ઘરે સમજાવવા ગયા હતા. જે અંગે તેઓને સારું ન લાગતાં ગાળો આપી હતી. તેમજ મરચાની ભુકી તેમની તથા સાહેદ પર છાંટીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનના એએસઆઈ એન.બી. માઢક વધુ તપાસ કરી રહ્યા છે.

# ઢોલરવા ગામની સીમમાં ઝેરી દવાનો છંટકાવ કરતાં યુવકની તબિયત લથડી

**યુવકને સારવાર માટે અમરેલી સિવિલમાં દાખલ કરાયો છે**

ચલાલા, તા.૧૫

ધારીના ઢોલરવા ગામની સીમમાં ઝેરી દવાનો છંટકાવ કરતાં યુવકની તબિયત લથડતાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. મૂળ રાજસ્થાનના ગાંગાતળાઈ ગામના અને હાલ ઢોલરવા ગામે રહેતા શૈલેષભાઈ કાંતીભાઈ મછાર (ઉ.વ.૨૦) અને તેમના ભાઈ રમેશભાઈ ભાગીયું રાખેલી વાડીએ કપાસમાં ઝેરી દવાનો છંટકાવ કરતા હતા. તેમને ઝેરી દવાની અસરથી ઝાડા થઈ જતાં સારવાર અર્થે દાખલ કરાયા હતા. ચલાલા પોલીસ સ્ટેશનના એએસઆઈ એન.જે. વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૩૦ | ૧૬૬૫ |
| ઘઉં લોકવન | ૫૭૨ | ૬૧૧ |
| ઘઉં ટુકડા | ૫૬૫ | ૬૨૪ |
| જુવાર સફેદ | ૭૩૦ | ૮૨૦ |
| જુવાર લાલ | ૭૦૦ | ૮૦૦ |
| જુવાર પીળી | ૪૫૦ | ૫૬૦ |
| બાજરી | ૩૮૫ | ૪૬૦ |
| તુવેર | ૧૨૫૦ | ૧૯૨૧ |
| ચણા પીળા | ૧૨૫૦ | ૧૩૯૦ |
| ચણા સફેદ | ૨૦૦૦ | ૨૮૬૦ |
| અડદ | ૧૩૫૦ | ૧૭૨૫ |
| મગ | ૯૨૦ | ૧૫૩૫ |
| વાલ દેશી | ૧૪૧૧ | ૧૯૩૪ |
| વટાણા | ૧૩૦૦ | ૧૮૬૦ |
| સીંગદાણા | ૧૪૦૦ | ૧૫૧૦ |
| મગફળી જાડી | ૧૦૧૦ | ૧૨૧૫ |
| મગફળી જીણી | ૧૦૯૦ | ૧૩૩૦ |
| તલી | ૧૯૫૧ | ૨૫૭૧ |
| સુરજમુખી | ૪૨૫ | ૬૨૫ |
| એરંડા | ૧૧૩૦ | ૧૨૬૪ |
| અજમો | ૨૨૩૦ | ૨૨૪૦ |
| સુવા | ૧૩૯૦ | ૧૩૯૦ |
| સોયાબીન | ૭૫૦ | ૮૮૬ |
| સીંગફાડા | ૯૦૦ | ૧૨૭૦ |
| કાળા તલ | ૩૦૧૦ | ૩૫૯૫ |
| લસણ | ૩૪૦૦ | ૫૦૫૦ |
| ધાણા | ૧૧૫૫ | ૧૪૬૦ |
| ધાણી | ૧૩૦૫ | ૧૪૮૦ |
| વરીયાળી | ૧૧૭૫ | ૧૫૨૫ |
| જીરૂ | ૪૪૪૦ | ૪૭૭૭ |
| રાય | ૧૧૦૦ | ૧૨૭૬ |
| મેથી | ૧૦૮૦ | ૧૩૪૦ |
| ઇસબગુલ | ૧૬૨૦ | ૨૧૬૦ |
| કલોંજી | ૨૫૫૧ | ૩૯૯૦ |
| રાયડો | ૧૦૫૦ | ૧૧૪૫ |
| રજકાનું બી | ૩૬૬૦ | ૫૧૯૦ |

| | | |
|---|---|---|
| ગુવારનું બી | ૧૦૫૧ | ૧૦૫૧ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૧૦૦૦ | ૧૮૦૦ |
| બટેટા | ૩૦૦ | ૭૦૦ |
| ડુંગળી સુકી | ૩૫૦ | ૧૦૪૦ |
| ટમેટા | ૫૦૦ | ૧૦૦૦ |
| સુરણ | ૮૦૦ | ૧૧૫૦ |
| કોથમરી | ૧૦૦૦ | ૨૦૦૦ |
| મુળા | ૩૦૦ | ૫૦૦ |
| રીંગણા | ૨૦૦ | ૫૦૦ |
| કોબીજ | ૩૦૦ | ૫૧૦ |
| ફલાવર | ૪૦૦ | ૭૦૦ |
| ભીંડો | ૩૦૦ | ૫૦૦ |
| ગુવાર | ૧૨૦૦ | ૧૮૦૦ |
| ચોળાસીંગ | ૭૦૦ | ૧૦૦૦ |
| વાલોળ | ૬૦૦ | ૧૦૫૦ |
| ટીંડોળા | ૫૦૦ | ૧૦૦૦ |
| દુધી | ૨૦૦ | ૪૦૦ |
| કારેલા | ૩૦૦ | ૫૦૦ |
| સરગવો | ૧૨૦૦ | ૨૦૦૦ |
| તુરીયા | ૩૦૦ | ૬૦૦ |
| પરવર | ૬૦૦ | ૧૦૦૦ |
| કાકડી | ૩૦૦ | ૭૦૦ |
| ગાજર | ૨૦૦ | ૪૦૦ |
| ગલકા | ૨૦૦ | ૫૦૦ |
| બીટ | ૩૦૦ | ૫૦૦ |
| મેથી | ૬૦૦ | ૮૦૦ |
| વાલ | ૩૦૦ | ૭૦૦ |
| ડુંગળી લીલી | ૩૦૦ | ૫૦૦ |
| આદુ | ૮૦૦ | ૧૪૦૦ |
| મરચા લીલા | ૬૦૦ | ૧૦૦૦ |
| હળદર લીલી | ૧૦૦૦ | ૧૪૦૦ |
| મગફળી લીલી | ૪૫૦ | ૭૫૦ |
| મકાઇ લીલી | ૨૦૦ | ૩૫૦ |
| **અમરેલી** | | |
| કપાસ | ૮૦૦ | ૧૬૬૨ |
| શિંગ મઠડી | ૭૪૨ | ૧૧૮૦ |

| | | |
|---|---|---|
| શિંગ મોટી | ૭૧૭ | ૧૧૭૭ |
| શિંગ ફાડા | ૯૦૦ | ૧૨૫૦ |
| તલ સફેદ | ૧૬૦૦ | ૨૫૪૦ |
| તલ કાળા | ૨૨૫૦ | ૩૩૯૫ |
| તલ કાશ્મીરી | ૨૫૦૦ | ૩૨૮૧ |
| બાજરો | ૪૦૦ | ૪૪૦ |
| જુવાર | ૩૦૦ | ૬૯૯ |
| ઘઉં ટુકડા | ૪૭૦ | ૬૫૨ |
| ઘઉં લોકવન | ૪૪૫ | ૬૦૯ |
| મગ | ૮૭૦ | ૧૪૦૦ |
| અડદ | ૯૦૦ | ૧૫૭૫ |
| ચણા | ૧૦૦૦ | ૧૪૯૦ |
| વટાણા | ૧૨૪૧ | ૧૨૪૧ |
| તુવેર | ૧૩૪૦ | ૧૭૧૦ |
| એરંડા | ૧૦૨૫ | ૧૨૫૨ |
| જીરું | ૪૪૦૦ | ૪૫૭૦ |
| ધાણા | ૮૩૦ | ૧૩૪૮ |
| સોયાબીન | ૬૫૫ | ૮૮૦ |
| મેથી | ૮૩૦ | ૧૧૦૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૩૫૦ | ૫૮૦ |
| રીંગણાં | ૩૦૦ | ૩૫૦ |
| ફુલાવર | ૮૦૦ | ૯૦૦ |
| કોબીજ | ૫૦૦ | ૫૫૦ |
| ટામેટા | ૮૦૦ | ૧૩૦૦ |
| સુરણ | ૧૦૫૦ | ૧૧૫૦ |
| ગાજર | ૫૦૦ | ૬૫૦ |
| દૂધી | ૪૦૦ | ૪૫૦ |
| કારેલા | ૬૦૦ | ૭૦૦ |
| ગલકા | ૫૦૦ | ૬૦૦ |
| મુળા | ૩૦૦ | ૪૦૦ |
| કાકડી | ૪૦૦ | ૫૫૦ |
| ગુવાર | ૧૪૦૦ | ૧૬૦૦ |
| વાલોળ | ૯૦૦ | ૧૦૦૦ |
| ચોળા લીલા | ૮૫૦ | ૯૫૦ |
| તુરીયા | ૫૦૦ | ૭૦૦ |
| હળદર લીલી | ૯૫૦ | ૧૦૫૦ |

| | | |
|---|---|---|
| ભીંડો | ૩૦૦ | ૪૦૦ |
| આદુ | ૧૦૦૦ | ૧૧૦૦ |
| કોથમીર | ૧૦૦૦ | ૧૫૦૦ |
| મેથીભાજી | ૭૦૦ | ૮૦૦ |
| ફુદીનો | ૯૦૦ | ૧૦૦૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૭૦૦ |
| બીટ | ૪૫૦ | ૫૫૦ |
| શીંગ ઓળા | ૭૫૦ | ૮૦૦ |
| વાલ | ૬૫૦ | ૭૫૦ |
| લીમડો મીઠો | ૧૦૦ | ૧૨૦ |
| મરચા લીલા | ૪૫૦ | ૬૫૦ |
| મરચા લાલ | ૨૦૦ | ૮૦૦ |
| ડુંગળી લીલી | ૩૦૦ | ૪૩૦ |
| ડુંગળી સૂકી | ૪૮૦ | ૯૪૦ |
| મકાઈ | ૨૮૦ | ૩૮૦ |
| લીંબુ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| પાલક | ૧૦૫૦ | ૧૨૩૦ |
| વાલ | ૬૫૦ | ૭૫૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૭૫૧ | ૧૧૩૨ |
| શીંગ મોટી | ૬૫૧ | ૧૧૩૧ |
| તલ સફેદ | ૨૦૨૦ | ૨૪૩૦ |
| તલ કાળા | ૩૧૦૦ | ૩૪૧૧ |
| જીરૂ | ૪૨૦૦ | ૪૬૬૦ |
| કપાસ | ૧૩૬૫ | ૧૫૮૨ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૬૦૩ |
| ઘઉં ટુકડા | ૫૫૦ | ૬૬૧ |
| બાજરો | ૪૪૮ | ૫૧૫ |
| જુવાર | ૮૧૭ | --- |
| અડદ | ૯૧૦ | ૧૫૫૧ |
| ચણા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| સોયાબીન | ૭૨૫ | ૭૫૪ |
| **ભેસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૯૧ |
| ઘઉં | ૪૦૦ | ૫૭૫ |
| મગ | ૧૦૦૦ | ૧૪૭૦ |

| | | |
|---|---|---|
| ચણા | ૯૦૦ | ૧૩૭૫ |
| અડદ | ૧૦૦૦ | ૧૫૮૦ |
| મગફળી | ૭૦૦ | ૧૧૧૮ |
| શિંગ ફાડા | ૯૦૦ | ૧૦૫૦ |
| તલ સફેદ | ૧૩૦૦ | ૨૩૨૧ |
| જીરૂ | ૪૦૦૦ | ૪૩૪૫ |
| ધાણા | ૧૦૦૦ | ૧૨૫૦ |
| સોયાબીન | ૭૦૦ | ૮૮૯ |
| **લીલીયામોટા** | | |
| કપાસ | ૧૨૨૭ | ૧૫૭૪ |
| કપાસ સી ગ્રેડ | ૭૮૦ | ૧૧૬૨ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૩૯૦ | ૧૫૦૨ |
| કપાસ કોડી | ૯૫૦ | ૧૨૪૦ |
| મગફળી નવી | ૮૮૮ | ૯૨૨ |
| મગ | ૧૩૯૫ | ૧૬૦૫ |
| અડદ | ૧૩૨૦ | ૧૬૦૦ |
| જીરૂ | ૩૯૯૦ | ૪૫૫૦ |
| ઘઉં | ૪૬૯ | ૬૫૧ |
| તલ કાળા | ૨૯૭૦ | ૨૪૩૦ |
| તલ સફેદ | ૨૦૨૫ | ૨૩૩૫ |
| સોયાબીન | ૭૬૩ | ૮૧૭ |
| **ગોંડલ** | | |
| કપાસ બી. ટી. | ૧૨૪૧ | ૧૬૨૧ |
| ઘઉં લોકવન | ૫૪૬ | ૬૧૪ |
| ઘઉં ટુકડા | ૫૪૦ | ૬૫૦ |
| સિંગદાણા જાડા | ૧૦૯૧ | ૧૨૬૧ |
| સિંગ ફાડીયા | ૯૦૦ | ૧૨૮૧ |
| એરંડા / એરંડી | ૧૧૬૧ | ૧૨૭૬ |
| જીરૂ | ૩૫૫૧ | ૪૯૮૧ |
| ધાણા | ૮૦૦ | ૧૪૭૧ |
| લસણ સુકું | ૧૯૯૧ | ૪૮૯૧ |
| ડુંગળી લાલ | ૩૨૧ | ૯૨૬ |
| અડદ | ૧૦૭૧ | ૧૬૨૧ |
| તુવેર | ૧૧૫૧ | ૧૯૦૧ |
| રાય | ૧૨૦૧ | ૧૨૦૧ |

| | | |
|---|---|---|
| મેથી | ૧૦૦૧ | ૧૦૫૧ |
| કાંગ | ૧૧૧૧ | ૧૧૧૧ |
| સફેદ ચણા | ૧૪૦૧ | ૨૮૬૧ |
| તલ - તલી | ૧૮૫૦ | ૨૪૫૧ |
| ધાણી | ૧૦૦૦ | ૧૫૭૧ |
| બાજરો | ૪૩૧ | ૪૪૧ |
| જુવાર | ૪૫૧ | ૬૮૧ |
| મકાઇ | ૫૦૧ | ૫૮૧ |
| મગ | ૧૦૦૧ | ૧૬૧૧ |
| ચણા | ૧૩૦૧ | ૧૪૧૬ |
| વાલ | ૫૫૧ | ૧૮૨૬ |
| ચોળા / ચોળી | ૧૦૫૧ | ૨૮૦૧ |
| સોયાબીન | ૭૦૧ | ૯૦૧ |
| ગોગળી | ૭૦૦ | ૯૮૧ |
| વટાણા | ૮૦૦ | ૨૬૦૧ |
| **ખાંભા** | | |
| કપાસ નવો | ૧૨૨૬ | ૧૫૦૭ |
| સોયાબીન | ૭૨૬ | ૭૧૬ |
| અડદ | ૧૦૦૧ | ૧૦૦૧ |
| બાજરો | ૫૨૬ | ૫૨૬ |
| **ધારી** | | |
| કપાસ | ૧૨૬૦ | ૧૫૫૨ |
| મગફળી | ૯૦૦ | ૯૭૦ |
| ઘઉં | ૪૫૦ | ૪૭૦ |
| ચણા | ૧૨૫૦ | ૧૩૪૦ |
| અડદ | ૭૦૦ | ૧૪૨૬ |
| સોયાબીન | ૬૫૧ | ૮૦૪ |
| જીરૂ | ૪૧૪૧ | ૪૧૪૧ |
| **રાજુલા** | | |
| મગફળી | ૬૯૧ | ૯૧૨ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૩૯૫ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૭૬ |
| બાજરો | ૪૬૦ | ૫૬૭ |
| ઘઉ ટુકડા | ૫૨૨ | ૬૫૩ |
| મકાઇ | ૫૫૧ | ૬૧૩ |
| મગ | ૧૫૦૦ | ૧૫૫૧ |

| | | |
|---|---|---|
| જુવાર | ૪૬૦ | ૮૩૧ |
| અડદ | ૧૩૧૩ | ૧૫૬૦ |
| ચણા | ૧૩૦૦ | ૧૩૫૦ |
| સોયાબીન | ૭૫૦ | ૮૨૧ |
| જીરૂ | ૩૭૦૧ | ૪૬૦૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૧૦૦ | ૧૬૦૦ |
| ઘઉં લોકવન | ૪૫૫ | ૫૪૮ |
| ઘઉં ટુકડા | ૫૧૦ | ૫૮૦ |
| જુવાર | ૬૧૦ | ૬૧૦ |
| ચણા | ૧૧૨૫ | ૧૨૯૦ |
| એરંડી | ૯૩૫ | ૯૩૫ |
| અડદ | ૯૫૫ | ૧૪૪૯ |
| ધાણા | ૧૧૪૦ | ૧૨૫૫ |
| સોયાબીન | ૭૯૭ | ૮૪૫ |
| તલ કાળા | ૩૩૦૦ | ૩૩૦૦ |
| મગફળી | ૭૮૦ | ૮૭૦ |
| શીંગદાણા | ૧૦૦૧ | ૧૨૦૦ |
| તલ સફેદ | ૨૨૦૧ | ૨૩૯૪ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૮૨૧ | ૧૨૧૦ |
| મગફળી ૩૨ નં. | ૮૦૦ | ૧૦૯૦ |
| બાજરી | ૪૫૦ | ૫૨૨ |
| ઘઉં | ૫૦૦ | ૬૩૭ |
| સફેદ તલ | ૧૮૦૦ | ૨૨૪૦ |
| તલ કાળા | ૩૦૦૦ | ૩૬૬૫ |
| સોયાબીન | ૫૮૨ | ૯૦૦ |
| જુવાર | ૫૩૦ | ૮૨૦ |
| ડાંગર | ૫૦૦ | ૭૨૨ |
| અડદ | ૬૦૦ | ૧૭૨૦ |
| મગ | ૯૦૦ | ૧૭૦૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૪૮૦ |
| રજકો | ૩૨૦૦ | ૪૮૭૫ |
| કપાસ | ૧૧૫૦ | ૧૫૫૨ |
| **મહુવા** | | |
| શીંગ ૬૬ | ૧૪૦૦ | ૧૯૭૦ |

| | | |
|---|---|---|
| શીંગ ૩૯ | ૭૦૨ | ૧૧૯૭ |
| શીંગ ટી.જે | ૮૦૯ | ૧૧૪૦ |
| શીંગ જી-૨૦ | ૮૩૩ | ૧૧૫૦ |
| એરંડા | ૧૦૮૭ | ૧૦૮૭ |
| જુવાર | ૪૦૦ | ૯૪૦ |
| બાજરી | ૪૪૦ | ૫૩૩ |
| ઘંઉ ટુકડા | ૫૨૮ | ૭૧૨ |
| મકાઇ | ૪૬૬ | ૬૩૫ |
| અડદ | ૪૨૫ | ૧૫૯૮ |
| મગ | ૧૦૫૪ | ૨૭૬૦ |
| મેથી | ૧૦૫૦ | ૧૦૫૦ |
| સોયાબીન | ૮૨૨ | ૮૨૫ |
| ચણા | ૧૩૪૦ | ૧૩૪૦ |
| તલ સફેદ | ૧૮૭૦ | ૨૪૧૮ |
| ડુંગળી લાલ | ૭૦ | ૯૩૨૧ |
| ડુંગળી સફેદ | ૨૭૩ | ૧૧૨૫ |
| કપાસ | ૯૪૮ | ૧૪૧૭ |
| નાળીયેર | ૩૧૧ | ૨૭૯૯ |
| **જામનગર** | | |
| કપાસ | ૧૧૪૦ | ૧૬૩૦ |
| જુવાર | ૬૦૦ | ૬૫૫ |
| બાજરો | ૩૮૦ | ૪૭૦ |
| ઘઉં | ૫૦૦ | ૬૧૧ |
| મગ | ૮૭૫ | ૧૫૦૫ |
| અડદ | ૪૦૦ | ૧૬૮૫ |
| ચણા | ૧૦૦૦ | ૧૩૮૭ |
| ચણા સફેદ | ૨૦૦૦ | ૨૩૦૦ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૨૩૮૫ |
| મગફળી જાડી | ૯૦૦ | ૧૧૧૫ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૭૧ |
| તલ | ૧૮૦૦ | ૨૨૯૦ |
| રાયડો | ૯૫૧ | ૧૧૩૬ |
| લસણ | ૩૦૦૦ | ૪૯૭૦ |
| અજમો | ૧૬૨૦ | ૨૯૫૫ |
| ડુંગળી સૂકી | ૧૯૦ | ૯૦૦ |
| સોયાબીન | ૭૮૫ | ૮૪૫ |

સંજોગ ન્યૂઝ
# ઉત્સવ
બુધવાર, 09 ઑક્ટોબર, 2024





“લાગે તો તીર....” : - આ તારી આંખો રતીચોળ જેવી કેમ છે !? 06

# ભારતીયો માટે કેનેડા ડ્રીમ ઓવર ?



કેનેડા ડ્રીમ ઓવર?

કેનેડાના બ્રેમ્પ્ટનમાં આવેલી ‘તંદૂરી ફ્લેમ‘ નામની રેસ્ટોરન્ટે વેઈટર અને સર્વન્ટની ભરતી માટે રાખેલા ઓપન ઈન્ટરવ્યૂનો વીડિયો વાયરલ થયો છે. આ વીડિયોમાં લાંબી લાઈન દેખાય છે. વેઈટર અને સર્વન્ટની નોકરી માટે લાંબી લાઈનોમાં ઊભેલા મોટા ભાગના લોકો ભારતીય છે એ પણ દેખાય છે. લગભગ ૩ હજાર જેટલા વિદ્યાર્થીઓ માત્ર વેઈટર અને સર્વન્ટની જોબ માટે લાઈનમાં લાગ્યા છે એ દેખાય છે.

રમનદીપ સિંહ માન નામના ભારતીય મૂળના યુવકે આ વીડિયો મૂકીને લખ્યું છે કે, કેનેડામાં રોજગારીની ભયંકર સમસ્યા અને વધતી મોંઘવારીએ લોકોના જીવનને નરક બનાવી દીધું છે. માને લાઇનમાં ઉભેલા ઘણા વિદ્યાર્થીઓના ઈન્ટરવ્યૂ પણ લીધા છે. એક વિદ્યાર્થીએ કહ્યું કે, પોતે ૧૨ વાગ્યાનો લાઈનમાં ઊભો છે અને ઓનલાઈન અરજી કરી હોવા છતાં ઓફલાઈન પણ આવ્યો છે. એક યુવતીએ કહ્યું કે, તેના ઘણા મિત્રો અત્યારે બેરોજગાર છે. તેમને નોકરી કરવી છે પણ નોકરી મળતી નથી. પોતાના ઘણા એવા મિત્રો છે જે બે વર્ષથી કેનેડામાં આવ્યા છે પણ કાયમી નોકરી મળતી નથી. ક્યારેક નોકરી મળે તો ક્યારેક નથી મળતી.

માને ચેતવણી પણ આપી છે કે, સારા ભવિષ્યના સોનેરી સપનાં સાથે કેનેડા જતા વિદ્યાર્થીઓએ ગંભીર આત્મનિરીક્ષણ કરવાની જરૂર છે કેમ કે કેનેડામાં બેરોજગારી વધી રહી છે. સાથે સાથે હાઉસિંગ ક્રાઈસિસ પણ વધી રહી છે. લોકો માટે અહીં જીવન પસાર કરવું મુશ્કેલ થઈ રહ્યું છે. કેનેડામાં ક્વોલિટી ઓફ લાઈફને પહોંચી વળવાનો ખર્ચ બહુ વધી ગયો છે. કેનેડામાં સેટલ થવાના અને સારુ જીવન જીવવાના સપના લઈને આવેલા ભારતીયોએ આ વીડિયો જોવો જોઈએ. કેનેડામાં ભણવા માટે આવવાનું વિચારતા હોય તેમણે આ ગંભીર સ્થિતિને ધ્યાનમાં રાખીને પોતાનો નિર્ણય લેવો જોઈએ.

રમણદીપસિંહ માનની સલાહને કેટલા ભારતીયો અનુસરશે એ ખબર નથી પણ કેનેડામાં આર્થિક સ્થિતિ ખરાબ હોવાનો દાવો પહેલી વાર કરાયો નથી. આ વર્ષે જૂનમાં પણ એવો વીડિયો ફરતો થયેલો કે જેમાં ટોરંટોમાં ફાસ્ટ ફૂડ ચેઈન ટિમ હોર્ટન્સ આઉટલેટ બહાર નોકરી માટે ભારતીય વિદ્યાર્થીઓની લાંબી લાઈનો લાગી હતી.

પહેલાં કેનેડાની પ્રોપર્ટીની ઊંચી કિંમતો અને વધતો જતો ક્રાઈમ રેટ ત્યાં રહેતા ભારતીયો માટે ચિંતાનો વિષય હતો પણ હવે બેરોજગારીનો દર પણ લોકોની ચિંતા વધારી રહ્યો છે.

■■■

ભારતીયો માટે આ વીડિયો આઘાતજનક છે કેમ કે ભારત છોડીને વિદેશમાં સ્થાયી થવા માગતા ભારતીયો માટે પણ કેનેડા હોટ ફેવરીટ હતું. અમેરિકાની સરખામણીમાં કેનેડા જવું બહુ સરળ અને સસ્તું હતું એટલે ભારતીયો માટે કેનેડા હોટ ફેવરીટ બની ગયું હતું. આ કારણે છેલ્લા એક દાયકાથી થોકબંધ ભારતીયો કેનેડામાં ઠલવાઈ રહ્યા છે અને કેનેડાના નાગરિક બની રહ્યા છે.

૨૦૧૩માં કેનેડાની નાગરિકતા મેળવનારા ભારતીયોની સંખ્યા માત્ર ૩૨ હજારની આસપાસ હતી જ્યારે ૨૦૨૨માં ૧.૧૮ લાખ ભારતીયો કેનેડાના નાગરિક બન્યા હતા. ૨૦૨૩માં ભારત અને કેનેડા વચ્ચે તણાવ વધ્યો છતાં ૧૩૯,૭૧૫ ભારતીયો કેનેડાના નાગરિક બન્યા હતા. ૨૦૨૪ના પહેલા ત્રણ મહિનામાં પણ ૩૭,૯૨૫ ભારતીયોએ કેનેડાની પરમેનન્ટ સિટિઝનશીપ લીધી છે.

હજુ થોડાં વરસો પહેલાં કેનેડા ભારતીય વિદ્યાર્થીઓમાં પણ ભણવા માટે સૌથી ફેવરિટ હતું. કેનેડા ફટાફટ વિઝા આપતું તેથી ભારતીયો સરળતાથી સ્ટુડન્ટ વિઝા અને વર્ક પરમિટ લઈને કેનેડા પહોંચી જતા હતા. સ્ટુડન્ટ વિઝા દ્વારા વર્ક પરમિટ, કાયમી રહેઠાણ અને પછી નાગરિકતા મેળવવી એકદમ સરળ હતી.

ભારત અને કેનેડા વચ્ચે તણાવ વધ્યો પછી ૨૦૨૩માં ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યા ઘટેલી પણ એ પહેલાં ૨૦૨૨ સુધી ભારતીયો માટે કેનેડા હોટ ફેવરીટ હતું. એન્જીનિયરિંગ ભણવા માટે અમેરિકા જતા વિદ્યાર્થીઓની સંખ્યા ૪૦ ટકા ઘટેલી પણ કેનેડા જનારા ડબલ થઈ ગયેલા. કેનેડામાં માત્ર એન્જીનિયરિંગ જ નહીં પણ બીજા કોર્સીસમાં પણ હજારો ભારતીયોએ એડમિશન લીધું હતું અને કેનેડાનું શિક્ષણ જ ભારતીયોને જોરે ચાલતું હતું એમ કહી શકાય.



બ્રેકિંગ પોઈન્ટ
નેહા શર્મા

કેનેડામાં ભણ્યા પછી આ યુવાનો કેનેડામાં મજૂરી કરીને કેનેડાના અર્થતંત્રને ધમધમતું રાખતા હતા તેથી કેનેડા માટે પણ ભારતીયોને વિઝા આપવા ફાયદાનો સોદો હતો. જો કે ધીમે ધીમે લોકોનો ધસારો વધી ગયો અને હવે આવા વીડિયો આવવા માંડ્યા છે. તેના પરથી લાગે છે કે, કેનેડા જવાના દિવસો પૂરા થઈ ગયા છે.

કેનેડા ભારતીય પર કઈ હદે મહેરબાન હતું તેનો પુરાવો એ છે કે, ૨૦૨૩માં કેનેડાએ ૨.૨૬ લાખ ભારતીય વિદ્યાર્થીઓને સ્ટડી વિઝા આપ્યા હતા. એ વખતે ૩.૨ લાખ ભારતીયો સ્ટુડન્ટ વિઝા પર કેનેડામાં રહેતા હતા અને ગિગ વર્કર તરીકે અર્થતંત્રમાં યોગદાન આપી રહ્યા હતા.

કેનેડાએ ગયા વરસથી આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે વિઝાની સંખ્યા ૩૫ ટકા ઘટાડવાનો નિર્ણય લીધો હતો. આગામી વર્ષે હજુ બીજા ૧૦ ટકા સુધી વધુ ઘટાડો થઈ શકે છે. કેનેડા ૨૦૨૫માં ૪.૩૭ લાખ સ્ટુડન્ટ પરમિટ આપશે. ૨૦૨૪માં ૪.૮૫ લાખ પરમિટ અપાઈ હતી. તેના કરતાં ૧૦ ટકા ઓછી પરમિટ અપાવાની છે. ગયા વર્ષે ૨૦૨૩માં ૫,૦૯,૩૯૦ વિદેશી વિદ્યાર્થીઓને અભ્યાસ વિઝા આપવામાં આવ્યા હતા. આ વર્ષે ૨૦૨૪ના પ્રથમ સાત મહિનામાં ૧,૭૫,૯૨૦ સ્ટુડન્ટ વિઝા મંજૂર કરવામાં આવ્યા છે. મતલબ કે અગાઉના વરસોની સરખામણીમાં વિઝાની સંખ્યામાં જંગી ઘટાડો થયો છે.

હવે સ્થિતિ કેમ બદલાઈ છે ?

કેનેડાનું અર્થતંત્ર બહુ મોટું નથી. માત્ર ૪ કરોડ લોકોની વસતી ધરાવતા કેનેડામાં અર્થતંત્રના વિકાસ માટેની બહુ તકો પણ નથી. બીજી તરફ લોકોનો ધસારો વધી ગયો તેના કારણે મકાન મોંઘા થઈ ગયા અને ચીજોના ભાવ પણ ઉંચકાયા. કેનેડાએ તેની ચિંતા કર્યા વિના લોકોને માટે દરવાજા ખુલ્લા જ રાખ્યા તેથી હાઉસિંગ અને બેરોજગારી વધવા લાગી. કેનેડાને વિઝા ફી તથા સ્ટુડન્ટ ફીની કમાણીમાં રસ હતો તેથી નોટો ગણવામાં રહ્યું તેમાં સ્થિતિ બેકાબૂ બની ગઈ છે.

ભારતીયો માટે કેનેડા બીજી રીતે પણ ખતરારૂપ છે કેમ કે કેનેડામાં ખાલિસ્તાનવાદીઓ હિંદુઓને ટાર્ગેટ કરી રહ્યા છે. કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોએ ખાલિસ્તાનવાદી હરદીપસિંહ નિજ્જરની હત્યામાં ભારતનો હાથ હોવાનો આક્ષેપ કર્યો તેના પગલે બંને દેશોના સંબધો તંગ છે. ટ્રુડોના નિવેદનના કારણે ખાલિસ્તાનવાદીઓ જોરમાં આવી ગયા પછી સતત સોશિયલ મીડિયા પર ખાલિસ્તાનવાદીઓ હિંદુઓને ધમકીઓ આપી રહ્યા છે.

ટ્રુડોના નિવેદનના પગલે વિદેશમાં રહીને ખાલિસ્તાનવાદી ચળવળ ચલાવતા ગુરપંતવંત સિંહ પન્નુએ તો વીડિયો મેસેજ બહાર પાડીને કેનેડામાં રહેતા હિંદુઓને કેનેડા છોડી જવાની ખુલ્લી ધમકી આપી હતી. પન્નુએ તો કેનેડામાં ભારતીય દૂતાવાસ અને કોન્સ્યુલેટ્સને કામ નહીં કરવા દેવાય એવી ધમકી પણ આપી હતી.

આ ધમકીઓ સામે ટ્રુડો સરકાર ચૂપ રહી હતી.

કેનેડામાં આ પ્રકારની ઘટનાઓ લાંબા સમયથી બની રહી છે પણ ટ્રુડો સરકાર કશું કરી નથી રહી. કેનેડામાં ખાલિસ્તાન સમર્થકો ભારત વિરોધી સૂત્રોચ્ચાર કરે, ભારતના રાષ્ટ્રધ્વજનું અપમાન કરે કે હિંદુ મંદિરોમાં તોડફોડ ને સૂત્રો લખવા જેવાં અપકૃત્યો કરે તેની સામે ટ્રુડો સરકાર કશું કરતી નથી.

ગઈ દિવાળીએ બ્રેમ્પટન શહેરમાં ખાલિસ્તાનવાદીએ બંદી છોડ દિવસની રાત્રે ખાલિસ્તાની ઝંડા ફરકાવીને ભારતના રાષ્ટ્રધ્વજનું અપમાન કર્યું હતું. બંદી છોડ દિવસ શીખ પરંપરામાં આગવું સ્થાન ધરાવે છે. શીખોના ગુરૂ હરગોવિંદને મોગલ બાદશાહ જહાંગીરે કેદ કરી લીધા પછી હરગોવિંદ પોતાની માન્યતાઓ પર અડગ રહેતાં છેવટે જહાંગીરે ગુરૂ હરગોવિંદને છોડવા પડ્યા હતા. ગુરૂ હરગોવિંદની મુક્તિ દિવાળીના દિવસે થઈ હતી તેથી દુનિયાભરના શીખો દિવાળીએ ગુરૂ હરગોવિંદની મુક્તિની યાદમાં બંદી છોડ દિવસ મનાવે છે.

કેનેડામાં બંદી છોડ દિવસની ઉજવણીના બહાને ખાલિસ્તાનવાદીઓએ ભારત વિરોધી સૂત્રોચ્ચાર કર્યા. ભારતીયોએ તેનો વિરોધ કરીને તિરંગા ફરકાવ્યા તો ખાલિસ્તાનના સમર્થકોએ તિરંગો આંચકીને પગ તળે કચડીને તેનું અપમાન કરી નાખ્યું હતું.

આ ઘટના અંગે ભારતીયોએ ફરિયાદ પણ કરી પણ ખાલિસ્તાનવાદીઓ તરફ કૂણું વલણ ધરાવતી ટ્રુડો સરકારે કશું ના કર્યું. કેનેડામાં આ પહેલાં સ્વામિનારાયણ મંદિરની દિવાલ પર પણ ખાલિસ્તાન ઝિંદાબાદ અને હિંદુસ્તાન મુર્દાબાદનાં સૂત્રો લખાતાં ફરિયાદ થયેલી પણ પોલીસે કશું કર્યું નથી. ‘ખાલિસ્તાન’ની ચળવળ ચલાવનારા આવી હરકતો કર્યા જ કરે છે પણ ટ્રુડો સરકાર કશું કરતી જ નથી, ચૂપચાપ તમાશો જોયા કરે છે.

આ માહોલમાં ભારતીયો માટે કેનેડાનું સપનું ધીરે ધીરે દુઃસ્વપ્ન બની જ ગયું છે. ■ sanjogpurti@gmail.com

# રૂપ બદલાય, લાગણીઓ એની એ જ

જો તમે પાંચસો વર્ષ પહેલાં અથવા આજથી પાંચસો વર્ષ પહેલાંની મુસાફરી કરો, તો તમને ટેકનોલોજી અને દવામાં કેટલો



બદલાવ આવ્યો છે તે જોઈને તમે આશ્ચર્યચકિત થઈ જશો. ભૌગોલિક રાજકીય વ્યવસ્થા તમારા માટે કોઈ અર્થમાં નથી. ભાષા અને બોલી સંપૂર્ણપણે બદલાયેલી હોઈ શકે છે. પરંતુ તમે જોશો કે લોકો લોભ અને ડર માટે પડતા હોય છે જેમ તેઓ આપણા વર્તમાન વિશ્વમાં કરે છે. તમે લોકોને જોખમ, ઈર્ષ્યા અને એજ જૂનાં આકર્ષણો દ્વારા તમને પરિચિત હોય તેવી રીતે સમજાવતા જોશો. તમે અતિશય આત્મવિશ્વાસ અને ટૂંકી દષ્ટિથી જોશો જે તમને આજે લોકોના વર્તનની યાદ અપાવે છે. તમે એવા લોકોને જોશો કે જેઓ સુખી જીવનનું રહસ્ય શોધતા હોય અને નિશ્ચિતતા શોધવાનો પ્રયાસ કરતા હોય જ્યારે કોઈ એવી રીત અસ્તિત્વમાં ન હોય જે સંપૂર્ણપણે સંબંધિત હોય. જ્યારે કોઈ અજાણ્યા વિશ્વમાં લઈ જવામાં આવે, ત્યારે તમે લોકોનું વર્તન જોવામાં થોડી મિનિટો પસાર કરશો અને કહેશો, ×આહ, મેં આ પહેલા જોયું છે. હંમેશની જેમ.× પરિવર્તન આપણું ધ્યાન ખેંચે છે કારણ કે તે આશ્ચર્યજનક અને ઉત્તેજક છે. પરંતુ વર્તણૂકો કે જે ક્યારેય બદલાતી નથી તે ઈતિહાસના સૌથી શક્તિશાળી પાઠ છે, કારણ કે તેઓ ભવિષ્યમાં શું અપેક્ષા રાખે છે તેનું પૂર્વાવલોકન કરે છે. તમારું ભવિષ્ય. દરેકનું ભવિષ્ય. તમે કોણ છો, તમે ક્યાંના છો, તેનાથી કોઈ ફરક પડતો નથી, તમારી ઉંમર કેટલી છે અથવા તમે કેટલા પૈસા કમાઓ છો, માનવ વર્તનમાંથી કાલાતીત પાઠો છે જે તમે ક્યારેય શીખી શકો છો તે કેટલીક સૌથી મહત્વપૂર્ણ બાબત છે. તે એક સરળ વિચાર છે પરંતુ તેને અવગણવું ખૂબ સરળ છે. અને એકવાર તમે તેને સમજી લો, પછી તમે તમારા પોતાના જીવનને વધુ સારી રીતે સમજવામાં સમર્થ હશો, વિશ્વ શા માટે જેવું છે તે સમજી શકશો અને ભવિષ્યમાં શું છે તેનાથી વધુ સરળ બની શકશો. એમેઝોનના સ્થાપક જેફ બેઝોસે એકવાર કહ્યું હતું કે તેમને વારંવાર પૂછવામાં આવે છે કે આગામી દસ વર્ષમાં શું બદલાવ આવશે? બીજો પ્રશ્નઃ આગામી દસ વર્ષમાં શું બદલાશે નહીં? તેમણે કહ્યું છેઃ બીજો પ્રશ્ન ખરેખર બેમાંથી વધુ મહત્વપૂર્ણ છે. જે વસ્તુઓ ક્યારેય બદલાતી નથી તે મહત્વની છે કારણ કે તમે એ જાણવામાં ખૂબ વિશ્વાસ મૂકી શકો છો કે તે ભવિષ્યને કેવી રીતે આકાર આપશે. એમેઝોનના ગ્રાહકોને ઓછી કિંમતો અને ઝડપી શિપિંગ ન જોઈતું હોય તેવા ભવિષ્યની કલ્પના કરવી અશક્ય છે- જેથી તે આ વસ્તુઓમાં જંગી રોકાણ કરી શકે. જીવનના લગભગ તમામ ક્ષેત્રોમાં સમાન ફિલસૂફી કામ કરે છે. આવતા વર્ષે (અથવા કોઈપણ વર્ષે) શેરબજાર શું કરશે તેની મને કોઈ જાણકારી નથી. પરંતુ મને લોભ અને ડર માટે લોકોના વલણ વિશે ખૂબ વિશ્વાસ છે, જે ક્યારેય બદલાતો નથી. તેથી હું તે જ વિચારવામાં મારો સમય પસાર કરું છું. મને ખબર નથી કે આગામી રાષ્ટ્રપતિની ચૂંટણી કોણ જીતશે. પરંતુ મને વિશ્વાસ છે કે જૂની ઓળખ પ્રત્યે લોકોનું જોડાણ તેમની વિચારસરણીને કેવી રીતે પ્રભાવિત કરે છે, જે આજે એક હજાર વર્ષ પહેલા હતું અને હવેથી હજાર વર્ષ હશે. હું તમને કહી શકતો નથી કે આગામી દાયકામાં કયા વ્યવસાયોનું પ્રભુત્વ રહેશે. પરંતુ હું તમને કહી શકું છું કે કેવી રીતે બિઝનેસ લીડર્સ સફળતાને તેમના માથા પર જવા દે છે, આળસુ અને હકદાર બનવું અને આખરે તેમની ધાર ગુમાવવી. આ ચીજ સેંકડો વર્ષોમાં બદલાઈ નથી અને ક્યારેય બદલાશે પણ નહીં. તત્વજ્ઞાનીઓએ એ વિચારની ચર્ચા કરવામાં સદીઓ વિતાવી છે કે તમારા જીવનની અસંખ્ય રીતો છે, અને તમારે માત્ર આ ચોક્કસ સંસ્કરણમાં રહેવાનું થાય છે. કથાઓમાં સ્ત્રી-પુરુષ પ્રેમનો વિષય યુગોથી ચાલે છે. રૂપ બદલાય, લાગણીઓ એની એ જ રહે છે. ■ naranbaraiya277@gmail.com

ધીસ ઇઝ ધેટ
નારન બારૈયા

# નમ્રતા તમામ સદગુણોનો સુંદર પાયો છે...



વિદ્યા વિનયથી શોભે છે તેવી રીતે નમ્રતા સદગુણોથી વ્યાપક બને છે. નમ્ર રહેવું એટલે સ્થિતપ્રજ્ઞ રહેવું. આજે ભૌતિકવાદમાં રાસાયણિક ખાતરો વાળા ખોરાક અને જંક ફૂડ ખાવાથી માણસની ધીરજ સાવ ભંગાર થઈ ગઈ છે. ક્યારેક શ્રોતાઓ બોલતા હોય છે તે સમયગાળા દરમિયાન વિનમ્રતાથી સાંભળવાની જગ્યાએ બિનજરૂરી સમજ્યા વગર બોલ બોલ કરીને સમગ્ર વાતાવરણને બગાડવાનો પ્રયત્ન કરે છે ત્યારે ગમે તેટલું ઊંચું શિક્ષણ મેળવ્યું હોય પરંતુ મનુષ્યમાં વિનમ્રતા અને સમજણ નહીં આવે ત્યાં સુધી બધું નિરર્થક છે. જૈન લોકો દરરોજ જૈનાલયમાં જાય છે અને મહાવીર સ્વામીની એકાગ્ર ચિત્તે પૂજા, આરાધના કરે છે. તેના કારણે તેમનામાં ધીરજ અને એકાગ્રતાનો ગુણ કેળવાય છે. ગાંધીજીના ત્રણ વાંદરાનો ઉદ્દેશ માણસને સારું સાંભળવું, સારું જોવું અને સારું સ્વીકારવું. અહીંયા તો મને બધી ખબર જ છે, હું જે કરું છું એ શ્રેષ્ઠ છે તેવી આત્મશ્લાઘા મનુષ્યને અભિમાની બનાવે છે.

વિનમ્રતા એ તો માનવીનો શણગાર છે. આજે ઉગ્રસેન બનવામાં આનંદ અનુભવે છે. એક દિવસ ભગવાન બુદ્ધને લોકોએ આગ્રહ કર્યો છે કે તમે સ્ટેજ ઉપરની ખુરશી ઉપર બેસો ત્યારે વિનમ્રતાથી બુદ્ધ ભગવાને ઉપદેશ આપ્યો કે જમીન ઉપર બેસવાથી વ્યક્તિ ક્યારેય પડી શકતો નથી. નાનુ વાક્ય કેટલો જોરદાર સંદેશ આપી દે છે. અભિમાનના આડંબરમાં રહેનારી પ્રજા એક દિવસ અચૂક પસ્તાય છે. કેટલાય રાજા રંક થઈ ગયા, રાજા રાવણનું પણ અભિમાન ઉતરી ગયું છે. આપણે તો બે કોડીના માનવ છીએ. એક દિવસ બધાએ ઉપર જ જવાનું છે ત્યારે વિનમ્રતા રાખીએ. વિનમ્રતા અને ધીરજ આ બંને અદભુત ગુણો છે.

ભારતીય ક્રિકેટર મહેન્દ્રસિંહ ધોની ગમે તેટલી વિકટ પરિસ્થિતિ ક્રિકેટમાં હોય તેમ છતાં ધીરજ અને વિનમ્રતાથી ખેલાડીઓમાં હકારાત્મક ભાવ સાથે બોલિંગ તેમજ ફીલ્ડીંગ કરવા માટે સૂચન કરે છે. નમ્ર બનવા માટે બધા જ પાસાઓને કેળવવા પડે છે. આ સંસારની માયામાં ધીરજ અને નમ્રતા નાશવંત માર્ગ ઉપર છે. ખરું, ખોટું સમજ્યા વગર કૂદી પડવાની ટેવ ભણેલા લોકોમાં પણ જોવા મળે છે. ક્યારેક બહારથી આવેલા મહેમાન શાળાની કિંમત કરીને જતા હોય છે. કેટલાક લોકોની એવી માનસિકતા હોય હું બોલીશ એટલે મારો પ્રભાવ પડશે પરંતુ જે નથી બોલતા તેમનો જ પ્રભાવ સામેની વ્યક્તિ ઉપર અચૂક પડે છે. મૌન અમોધ શસ્ત્ર છે. સાચું, સારું અને ઉપયોગી બોલવાથી જ સમાજમાં જ્ઞાનનું પુષ્પ ખીલે છે. અધુરો ઘડો બહુ છલકાય. આ વાત આવા બધા નકામા લોકોના ફેંકી દીધેલા વિચારોમાંથી જન્મી છે. સમાજમાં કેટલાક લોકો પડઘો પાડે છે. વક્તાઓએ બોલેલી વાતનું પુનઃ ઉચ્ચારણ કરવું જેને પડઘો કહે છે. પ્રભાવ પાડવામાં પોતે પડી જાય છે. જો કે આ લોકોને કોઈ ફરક પડતો નથી. જેનામાં વિનમ્રતા છે જ નહીં તેમાં નમ્રતા જોવા મળવાની જ નથી. એવા વ્યક્તિઓ આ પૃથ્વી ઉપર ભાર છે. ક્યારેય ગુમાન કરવું નહીં. આ સંસારમાં મનુષ્ય જીવ મળ્યો છે એટલે જીવી જાણવું. ભૌતિકવાદના આડંબરમાં માનવતાવાદ અને વિનમ્રતા સાથે ચાલીશું તો જીવન નંદનવન બનશે.

ગુરુકુળ વ્યવસ્થામાં પોતાના શિષ્યો ગુરુજી સાથે કેવી નમ્રતાથી પોતાની વાત રજૂ કરતા હતા અને આજે શાળામાં અભ્યાસ કરતા બાળકો શિક્ષકો સાથે કઈ રીતે રજૂઆત કરે છે તે સંશોધન કરવાનો વિષય છે. આપણામાં કંઈક ખૂટે છે એટલે આ વિષમ પરિસ્થિતિ નિર્માણ થઈ છે. મૂલ્ય શિક્ષણ અને જોરદાર અધ્યયન ન હોવાથી ઉપરોક્ત પરિસ્થિતિ નિર્માણ પામતી હોય છે. વાંચન અને લેખન આ બંને શસ્ત્રો શિક્ષકના ઘરેણા છે. સોલ્યુશન કરવા માટે પણ ગાઈડ કે અપેક્ષિત ઉપર નિર્ભર રહેનારા શિક્ષકોને શિક્ષક કહેવાય?

અબ્રાહમ લિંકન એક વાર બગી મારફત શહેરની બહાર ફરી રહ્યા હતા. ત્યાં રસ્તામાં એક ખેત મજૂર સામે મળે છે. એ અબ્રાહમ લિંકનને જોઈને તેને સેલ્યુટ કરે છે. આ જોઈ અબ્રાહમ લિંકન બગીનાં દરવાજા પાસે આવીને તેને પણ એ જ અદબથી સેલ્યુટ કરે છે. આ દ્રશ્ય તેના પી. એ. જોઈ રહ્યા હતા. ત્યાંથી નીકળ્યા ત્યારે તેના પી.એ. તેને કહે છે કે ,’’સાહેબ, તમે પ્રેસિડેન્ટ છો એટલે એ તમને સેલ્યુટ કરે છે, તમારે એને સેલ્યુટ કરવાની ક્યાં જરૂર છે ? એ તો સામાન્ય મજૂર છે.’’ આ સાંભળીને અબ્રાહમ લિંકન બોલ્યા,’’ભાઈ, એ મજૂર આપણાં દેશની સમૃદ્ધિના પાયાના પથ્થર છે. એના થકી જ આપણો દેશ આટલો સમૃદ્ધ છે અને મુખ્ય વાત કે એક સામાન્ય મજૂર વ્યક્તિ વિનમ્રતા પ્રગટ કરવાની તક ના છોડતો હોય તો હું તો એક પ્રેસિડેન્ટ છું ! આટલું વિનમ્રતાપણું, આટલી સાદગી, આટલો લાગણીસભર વ્યવહાર અને એ પણ પ્રેસિડેન્ટ બન્યા પછી. એટલે જ આજે પણ અબ્રાહમ લિંકનને માત્ર અમેરિકા જ નહીં પરંતુ વિશ્વ આખું યાદ કરે છે.



સામાજિક અને શૈક્ષણિક
વિપુલ.ડી. પટેલ
(રાજ્ય શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ)

આવા અનેક ઉદાહરણો નમ્રતાનો પાયો છે. જીવનમાં ક્યારેય પણ નમ્રતા છોડવી જોઈએ નહીં. નમ્રતા પરમો ધર્મ છે. જે કામ બળ અને બુદ્ધિથી નહી થાય તે નમ્રતાથી થઈ શકે છે. નમ્રતામાં વિવેકનો વારસો રહેલો છે. જેટલા સૌમ્ય અને નમ્ર બનશો એટલી ખ્યાતિ વ્યાપક બનશે. સૌ વાચક વર્ગને નવરાત્રીના પાવન પર્વની શુભકામનાઓ પાઠવું છું. મા અંબા આપના તમામ મનોરથો પૂર્ણ કરે તેવી ચરણમાં વંદના કરું છું. પ્રપંચ, દ્વેષ અને અસામાજિક દૂષણો દશેરાના દિવસે વિચાર સ્વરૂપે નાશ પામે તેવી મા અંબા શક્તિ આપે તેવી પ્રાર્થના. ■ Mo.9825702282

**બહરાઈચ જિલ્લામાં હિંસા વચ્ચે ટોચના અધિકારીઓને મેદાનમાં તૈનાત કરવામાં આવ્યા**

# સીએમ યોગીનું અલ્ટીમેટમ : જેણે પણ ગુનો કર્યો છે તેને બક્ષવામાં નહીં આવે

લખનૌ,તા.૧૫

ઉત્તર પ્રદેશના બહરાઈચ જિલ્લામાં હિંસાના ૨ દિવસ બાદ પણ તણાવ યથાવત છે. મૂર્તિ વિસર્જન દરમિયાન પથ્થરમારો થયો હતો. ગોળી વાગી હતી અને ૨૨ વર્ષના રામ ગોપાલ મિશ્રાનું મોત થયું હતું. આ પછી રોષે ભરાયેલા લોકોએ તોડફોડ અને આગચંપી કરી હતી. સોમવારે ફરી એકવાર હિંસા ફાટી નીકળ્યા બાદ બહરાઈચના ઘણા વિસ્તારોમાં ઈન્ટરનેટ સેવાઓ બંધ કરી દેવામાં આવી છે.



સીએમ યોગી પોતે બહરાઈચ કેસ પર ક્ષણ-ક્ષણ અપડેટ લઈ રહ્યા છે. હિંસા વચ્ચે ટોચના અધિકારીઓને મેદાનમાં તૈનાત કરવામાં આવ્યા છે. આજે લખનઉમાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ રામ ગોપાલ મિશ્રાના પરિવારજનોને મળશે. રામ ગોપાલ મિશ્રાના પરિવારના સભ્યો લખનૌ જવા રવાના થઈ ગયા છે.

બહરાઈચના બીજેપી ધારાસભ્ય સુરેશ્વર સિંહ પીડિતના પરિવારજનો સાથે છે. તે પીડિત પરિવારને લખનઉ લઈ જઈ રહ્યા છે. આ મામલે ભાજપના ધારાસભ્ય સુરેશ્વર સિંહનું કહેવું છે કે મામલાની તપાસ ચાલી રહી છે, જે પણ દોષિત હશે તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. બહરાઈચમાં વાતાવરણ બગાડનારાઓને સીએમ યોગીએ અલ્ટીમેટમ આપ્યું છે. સીએમ યોગીએ કહ્યું કે જેણે પણ ગુનો કર્યો છે તેને બક્ષવામાં આવશે નહીં.

# ભારત અને અમેરિકા વચ્ચે ૩૨ હજાર કરોડનો કરાર, ૩૧ પ્રિડેટર ડ્રોન ખરીદશે

નવીદિલ્હી,તા.૧૫



ત્રણેય સેનાઓની દેખરેખ ક્ષમતા વધારવા માટે આજે અમેરિકાથી ૩૨ હજાર કરોડના ખર્ચે ૩૧ પ્રિડેટર ડ્રોન ખરીદવા અને ભારતમાં તેના માટે જાળવણી, સમારકામ અને ઓવરઓલ કેન્દ્રો સ્થાપવા માટે એક કરાર પર હસ્તાક્ષર કરવામાં આવશે. સેનાની સુરક્ષા અંગેની કેબિનેટ સમિતિએ ગયા અઠવાડિયે ૩૧ પ્રિડેટર ડ્રોનની ખરીદીને મંજૂરી આપી હતી.

કુલ ૩૧ ડ્રોનમાંથી ૧૫ નેવીને અને ૮ ડ્રોન આર્મી અને એરફોર્સને આપવામાં આવશે. સંરક્ષણ અધિકારીઓએ જણાવ્યું હતું કે યુ.એસ. સાથે વિદેશી સૈન્ય વેચાણ કરાર પર મંગળવારે હસ્તાક્ષર કરવામાં આવશે. સૈન્ય અને કોર્પોરેટ અધિકારીઓની યુએસ ટીમ આ કરારો પર હસ્તાક્ષર કરવા રાજધાનીમાં છે.

તેમણે જણાવ્યું હતું કે હસ્તાક્ષર સમારોહમાં સંયુક્ત સચિવ અને નેવલ સિસ્ટમ્સના પ્રોક્યોરમેન્ટ મેનેજર સહિત ભારતીય સંરક્ષણ અધિકારીઓ હાજર રહેશે. આ ડીલ માટે ભારત ઘણા વર્ષોથી યુએસ સાથે ચર્ચા કરી રહ્યું હતું, પરંતુ થોડા અઠવાડિયા પહેલા યોજાયેલી ડિફેન્સ એક્વિઝિશન કાઉન્સિલની બેઠકમાં આખરી અડચણો દૂર કરવામાં આવી હતી.

# આવતી કાલે અમરેલીમાં કેજીવીઆર મોલનો પ્રારંભ થશે

અમરેલી, તા.૧૫



કૃષિ અને ગ્રામ વિકાસ રાજ્ય કો-ઓપરેટિવ સોસાયટી લિમિટેડ દ્વારા સભાસદો અને અમરેલીના લોકો માટે સહકારના માધ્યમથી આવતીકાલે નહીં નફો, નહીં નુકસાનના ધોરણે સસ્તા અને સારી ગુણવત્તાવાળા અનાજ, કઠોળ, કોસ્મેટિક વગેરે ઘર વપરાશની વસ્તુઓનો કેજીવીઆર મોલ સહકારી આગેવાન અને ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીના વરદ હસ્તે કેરીયા રોડ પર શરૂ કરવામાં આવશે.

# ઈજિપ્તમાં વિદ્યાર્થીઓને લઈ જતી બસ દુર્ઘટનાગ્રસ્ત : ૧૨ના મોત, ૩૩ ગંભીર ઘાયલ

ઈજિપ્ત,તા.૧૫



ઈજિપ્તમાં એક ભયાનક માર્ગ અકસ્માત થયો હતો. ઈજિપ્તના પૂર્વોત્તર વિસ્તારમાં યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને લઈ જતી બસ દુર્ઘટનાગ્રસ્ત થઈ. આ અકસ્માતમાં ૧૨ લોકોના મોત થયા હતા જ્યારે ૩૩ લોકો ગંભીર રીતે ઘાયલ છે. ઈજિપ્તના સ્વાસ્થ્ય મંત્રાલયે જણાવ્યું કે આ ઘટના આઈન સોખના હાઈવે પર બની હતી. બસ સુએઝની ગલાલા યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને લઈ જઈ રહી હતી, જેઓ આઈન સોખના હાઈવે થઈને ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે બસને અકસ્માત નડ્યો હતો. સ્વાસ્થ્ય મંત્રાલયે અકસ્માતનું કારણ જાહેર કર્યું નથી. અકસ્માત બાદ ઘટના સ્થળે અરેરાટી ફેલાઈ ગઈ હતી. અકસ્માત અંગે તાત્કાલિક પોલીસ વિભાગને માહિતી આપવામાં આવી હતી. ઈજિપ્તમાં દર વર્ષે હજારો લોકો જીવલેણ ટ્રાફિક અકસ્માતમાં મૃત્યુ પામે છે. અહીં પરિવહન સલામતીનો રેકોર્ડ ખૂબ જ નબળો છે. મોટાભાગના અકસ્માતો ઝડપ, ખરાબ રસ્તા અને ટ્રાફિકના નિયમોનું પાલન ન કરવાના કારણે થાય છે.

# અમરેલી જિલ્લા રઘુવીર સેના દ્વારા શસ્ત્રપૂજન કાર્યક્રમ યોજાયો



અમરેલી,તા.૧૫

અમરેલી જિલ્લા રઘુવીર સેના દ્વારા દશેરાના દિવસે જિલ્લાભરના રઘુવંશી સમાજ માટે શસ્ત્ર પૂજાનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં શહેર અને જિલ્લાભરના રઘુવંશીઓએ હાજરી આપી શસ્ત્ર પૂજાનો અવસર ઉજવ્યો હતો. રઘુવંશી સમાજના ભૂદેવ જયદેવદાદાએ તમામ રઘુવંશી ભાઈઓને શાસ્ત્રોક્ત વિધિથી શસ્ત્ર પૂજા કરાવી. આ દરમિયાન જિલ્લા રઘુવંશી સેનાના ઉપપ્રમુખ પ્રિતેશભાઈ માનસેતાએ શસ્ત્ર પૂજાનું મહત્વ સમજાવ્યું હતું તથા વિશાલભાઈએ ઉપસ્થિત તમામ રઘુવંશી ભાઈઓનું સ્વાગત કર્યું અને વ્યવસ્થા સંભાળી હતી. કાર્યક્રમને સફળ બનાવવા રઘુવીર સેનાના અનેક સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી. આ કાર્યક્રમ દ્વારા રઘુવંશી સમાજની એકતા અને સાંસ્કૃતિક વારસાને જાળવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. રઘુવીર સેનાના નેતાઓએ સમાજને સંગઠિત રહેવા અને પોતાના અધિકારો માટે જાગૃત રહેવા અપીલ કરી હતી.

# સુરતના સ્વર્ણિમ ગુજરાત યુથ ફાઉન્ડેશનની ટીમ કચ્છ બોર્ડર પર સૈનિકો સાથે દિવાળી ઉજવશે

સુરત,તા.૧૫



તસ્વીર : વી.કે. સાંગાણી

સુરતના સ્વર્ણિમ ગુજરાત યુથ ફાઉન્ડેશનની ટીમ દ્વારા દેશની સરહદ પર ફરજ બજાવતા વીર બહાદુર જવાનો સાથે દિવાળીની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. તેઓ જવાનોને મીઠાઈ અને ગિફ્ટ આપીને પર્વની ઉજવણી કરશે. ટીમનાં નવ સભ્યો કચ્છ ખાતે ભારત-પાકિસ્તાન બોર્ડર પર જવા રવાના થયા હતા અને તેમને ઉતરાણની મહારાજા કૃષ્ણકુમારસિંહજી સ્કૂલ ખાતેથી શહેરનાં પ્રબુદ્ધ નાગરિકો દ્વારા પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. સંસ્થાનાં પ્રમુખ ઘનશ્યામ બિરલાએ આ અંગે જણાવ્યું હતું કે, અમારી ટીમ છેલ્લા પાંચ વર્ષથી દરેક દિવાળીનાં તહેવારોની ઉજવણી વીર જવાનો સાથે કરે છે. આ અમારી સંસ્થાની છઠ્ઠી ટુર છે, દેશની રક્ષા કરતા જવાનોને દિવાળીના સમયમાં પારિવારિક હુંફ મળી રહે અને તેમનો જુસ્સો બુલંદ રહે તે માટે અમારી સંસ્થા સતત આવા બોર્ડર ટૂરનાં કાર્યક્રમો કરે છે. શિયાળો, ઉનાળો કે ચોમાસાની ઋતુમાં ફરજ બજાવતા સિપાહીઓ માટે સમાજમાં રાષ્ટ્ર પ્રેમનો સંદેશો ફેલાય તે સંસ્થાનો ઉદેશ્ય હોય છે. આજના ફ્લેગ ઓફ ઓનરના કાર્યક્રમમાં સ્કૂલના પ્રિન્સિપાલ ચેતનભાઈ હીરપરાએ આવી સુંદર પ્રવૃત્તિ માટે સંસ્થાને અભિનંદન પાઠવ્યા હતા. પ્રોગ્રામમાં સંસ્થાના ઉપપ્રમુખ ડોક્ટર મધુકાંત ગોંડલિયા, સેક્રેટરી હરેશ માંગરોળીયા, ટ્રસ્ટી દુર્લભ નસિત, રમેશ ભાદાણી, બાબુલાલ વેકરીયા, જે.ડી. પટેલ, મહેશ ક્યાડા, રસિક વસાણી, નરેશ દેવલીયા જેવા લોકો જોડાયા હતા.

# જાફરાબાદ શહેરમાં વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા ભવ્ય શસ્ત્રપૂજન

જાફરાબાદ,તા.૧૫



જાફરાબાદ શહેરમાં વિજયાદશમીના પાવન અવસરે વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ અને દુર્ગા વાહિની દ્વારા ભવ્ય શસ્ત્રપૂજનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય હીરાભાઈ સોલંકી મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. ગિરિરાજ ચોક ખાતે સાંજના સમયે યોજાયેલા આ કાર્યક્રમમાં શાસ્ત્રોક્ત વિધિ અનુસાર શસ્ત્રપૂજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ અને માતૃ શક્તિ-દુર્ગાવાહિનીના કાર્યકર્તાઓ ઉપરાંત સ્થાનિક વેપારીઓ અને હિન્દુ સંગઠનોના આગેવાનો પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ વર્ષે પણ પૂર્ણ વિધિ સાથે, ભૂદેવો અને સાધુ-સંતોની ઉપસ્થિતિમાં શાસ્ત્રોક્ત રીતે પૂજન સંપન્ન થયું હતું.

# સાવરકુંડલાની એસ.વી. દોશી ગર્લ્સ હાઈસ્કૂલમાં રંગોત્સવ કાર્યક્રમ યોજાયો



સાવરકુંડલા, તા.૧૫

સાવરકુંડલામાં શ્રી નૂતન કેળવણી મંડળ સંચાલિત શ્રી એસ. વી. દોશી ગર્લ્સ હાઈસ્કૂલમાં રંગોત્સવ કાર્યક્રમની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેમાં માધ્યમિક વિભાગમાંથી ૨૦૧ અને ઉચ્ચ માધ્યમિક વિભાગમાંથી ૨૫૬ વિદ્યાર્થિનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. માધ્યમિક તથા ઉચ્ચ માધ્યમિક વિભાગમાંથી કુલ ૪૨ ગોલ્ડ મેડલ, ૩૦ સિલ્વર મેડલ અને ૨૦ બ્રોન્ઝ મેડલ વિદ્યાર્થિનીઓએ પ્રાપ્ત કર્યા હતા. આ ઉપરાંત ટ્રસ્ટીઓ અને પ્રિન્સિપાલ ઉષાબેન તેરૈયાને ટ્રોફી તથા શાળા ટ્રોફી પણ આપી હતી. આ કાર્યક્રમનું સફળ સંચાલન શાળાના માધ્યમિક વિભાગના તૃપ્તિબેન ભરાડ તથા ઉચ્ચ માધ્યમિક વિભાગના તૃપ્તિબેન પાનસુરીયાએ કર્યું હતું. આ બંને શિક્ષિકા બહેનોને પણ ટ્રોફી આપવામાં આવી હતી.

**પોલીસનાં ચુસ્ત બંદોબસ્ત સાથે ભવ્ય કાર્યક્રમ યોજાયો**

# ઉનામાં વિશ્વ હિન્દુ પરિષદ-બજરંગ દળ દ્વારા રાવણ દહન કરવામાં આવ્યું

ઉના, તા.૧૫



તસ્વીર : કૈલાશ ભટ્ટ

ઉના શહેરમાં શાહ એચ.ડી. હાઈસ્કૂલના વિશાળ ગ્રાઉન્ડમાં વિશ્વ હિન્દુ પરિષદ-બજરંગ દળ દ્વારા વિજયાદશમી પર્વ દશેરાના દિવસે રાત્રે રાવણ રૂપી રાક્ષસના પૂતળા દહન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. રાવણ રૂપી રાક્ષસના પૂતળા દહન પહેલા ફટાકડાની આતશબાજી કરવામાં આવી હતી. આ કાર્યક્રમ નિહાળવા ઉના તાલુકા તથા ઉના શહેરની જનમેદની હજારોની સંખ્યામાં ઉમટી પડી હતી. આ ભવ્ય આયોજનમાં સંત શિરોમણી પંચ અગ્નિ અખાડાના સભાપતિ સંત મુક્તાનંદજી બાપુએ પધારી આશીર્વચન આપ્યા હતા. ઉના પીઆઈ, પીએસઆઈ સહિત પોલીસના ચુસ્ત બંદોબસ્ત સાથે આ ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો.

# સાવરકુંડલામાં રઘુકુળ નવરાત્રી મહોત્સવના આયોજકોનું સન્માન

સાવરકુંડલા,તા.૧૫



સાવરકુંડલામાં રઘુવંશી સમાજ માટે આયોજિત "રઘુકુળ નવરાત્રી મહોત્સવ"ના આયોજકોનું સન્માન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં લોહાણા મહાપરિષદના કારોબારી સભ્ય અને રઘુવંશી સમાજના વિવિધ ક્ષેત્રોના અગ્રણીઓની પ્રેરક ઉપસ્થિતિ નોંધપાત્ર રહી. સંસ્થાના પ્રમુખ હિતેશભાઈ સરૈયા અને ઉપપ્રમુખ જસાભાઈ સરૈયાનું વિશેષ સન્માન કરવામાં આવ્યું. સન્માન કરનારાઓમાં લોહાણા મહાપરિષદના કારોબારી સભ્ય અષ્ટકાંતભાઈ સૂચક, અમરેલી પીપલ્સ ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટીના ઉપપ્રમુખ શ્યામભાઈ રૂપારેલ, પત્રકાર દીપકભાઈ પાંધી, ઓઈલ મિલર હર્ષભાઈ રૂપારેલ અને અન્ય અગ્રણીઓનો સમાવેશ થતો હતો. આયોજકોને શાલ અને પુષ્પગુચ્છથી સન્માનિત કરવામાં આવ્યા અને તેમના સફળ આયોજન બદલ અભિનંદન પાઠવ્યાં.


**-:: જાહેર નોટીસ ::-**

ફો.પ.અ.નં.૩૮/૨૦૨૪

**મહે. શ્રી લાઠી તાલુકા મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મું.લાઠી**

**અરજદાર તર્ફે વિ.વ.શ્રી જી.સી. કોટડીયા રહે.લાઠી**

અરજદાર :-ઝાપડીયા મનુભાઈ પુનાભાઈ ઉ.વ. પુખ્ત,ધંધો મજુરી કામ ધર્મે હિન્દુ કોળી, રહે.લાઠી. તા. લાઠી, જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ -મરણ નોંધણી અધિકારી લાઠી નગરપાલીકા

આથી લાગતા વળગતા સર્વેને જાણ કરવામાં આવે છે કે, ઉપરોકત અરજદારના ભાભી લાઠી ગામના રહેવાસી છે. અરજદારના ભાભી **ઝાપડીયા રાધાબેન ભગવાનભાઈ** ની મરણ નોંધ કરાવવા માટે અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. અરજદારના ભાભી **ઝાપડીયા રાધાબેન ભગવાનભાઈ** નું મરણ જે તે સમયે લાઠી મુકામે મરણ **તારીખ-૦૧/૦૬/૧૯૮૨** ના રોજ થયેલ છે જે અંગેની મરણ નોંધણી કરાવવા માટે આ અરજી કરેલ છે. આ અરજી સામે કોઈને વાંધો/તકરાર કે હરકત હોય તેમણે મુદત તારીખ.૪/૧૧/૨૦૨૪ના રોજ અત્રેની કોર્ટ લાઠી તાલુકા મેજીસ્ટ્રેટ સાહેબની કચેરી ખાતે સવાર/બપોરના ૩:૩૦ કલાકે ઉપસ્થિ રહેવું તેમ કરવા મા કસુર થયે આગળની યોગ્ય તે ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

**સ્થળ : લાઠી**
**તારીખ : ૧૫/૧૦/૨૦૨૪**

**શીરીસ્તેદાર ઓફ લાઠી તાલુકા મેજીસ્ટ્રેટ સાહેબ કચેરી**


# ગોંડલમાં વિજયાદશમી નિમિત્તે શસ્ત્ર પૂજન તથા ભવ્ય શોભાયાત્રા નીકળી

ગોંડલ,તા.૧૫



તસ્વીર : ભોજાણી દેવાંગ

ગોંડલમાં દશેરા નિમિત્તે ગોંડલ તાલુકા શહેર રાજપૂત યુવક મંડળ ટ્રસ્ટ દ્વારા રાજપૂત સમાજ ભવન ખાતે શસ્ત્રપૂજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત શ્રી ક્ષત્રિય યુવા સંગઠન દ્વારા શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું, ગોંડલની મુખ્ય બજારમાં રેલી સ્વરૂપે શોભાયાત્રા નીકળેલ હતી. કપુરીયા ચોકમાં સર ભગવતસિંહજી તથા કોલેજ ચોકમાં મહારાણા પ્રતાપની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી શોભાયાત્રા હવા મહેલ ખાતે પહોંચી હતી. આ અવસરે સાંસ્કૃતિક વારસાનું જતન કરવાના હેતુથી તલવારબાજી સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવેલ. જેમાં પ્રથમ, દ્વિતીય, તૃતીય આવનાર સ્પર્ધકોને સન્માનિત કરી પ્રમાણપત્ર એનાયત કરવામાં આવેલ અને તેમને રાજવી પરિવાર તરફથી ભેટ પણ આપવામાં આવેલ હતી. આ પ્રસંગે મહારાજા હિમાંશુસિંહજી ઓફ ગોંડલ, કુમાર જ્યોતિર્મયસિંહજી જાડેજા - હવા મહેલ ગોંડલ, ધારાસભ્ય ગીતાબા જયરાજસિંહજી જાડેજા, નગરપાલિકા ગોંડલ પૂર્વ કારોબારી ચેરમેન ઋષિરાજસિંહ જાડેજા, રાજપૂત સમાજની તમામ સંસ્થાના પ્રતિનિધિઓ, વડીલો તથા યુવાનો બહોળી સંખ્યામાં હાજર રહેલ હતા.


**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, મેજીસ્ટ્રેટ સાહેબની - કોડીનારની કોર્ટમાં**

નં.મરણ/ કેસ નં.૪૧/૨૦૨૪

**પ્રતિ,**
શ્રી મિહીર ધીરજલાલ સ્માર્ટ
રે. બિલેશ્વર સોસાયટી, મું.કોડીનાર ....અરજદાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ -મરણ ) અને ચીફ ઓફિસરશ્રી,
તાલુકો-કોડીનાર, જિલ્લો - ગીર સોમનાથ ...સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના કોટીનાર ગામ/વિસ્તારના રહીશ **શ્રી મિહીર ધીરજલાલ સ્માર્ટ ના પિતાશ્રી ધીરજલાલ હિંમતલાલ સ્માર્ટનું મરણ** તા.૧૯/૦૭/૨૦૦૧ના રોજ કોડીનાર ખાતે મરણ થયેલ છે.જેની મરણની નોંધ કોડીનાર નગરપાલિકાના સને ૨૦૦૧ના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે.જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે.આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૨/૧૦/૨૦૨૪ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તારીખ ૦૭/૧૦/૨૦૨૪ના રોજ મારી સહિ તથા સિક્કો કરીને આપ્યા.

**સહિ**
**(એ.એમ.જોષી)**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

**વન્યપ્રાણી હુમલો કરે તો ખેડૂતોને સ્વબચાવનો અધિકાર છે, વનવિભાગ દબાવવાની વાતો ન કરે**

# ઈકો સેન્સેટિવ ઝોન મુદ્દે દિલીપ સંઘાણી મેદાને : ટૂંક સમયમાં મોટું સંમેલન બોલાવશે

અમરેલી, તા.૧૫



અમરેલી જિલ્લામાં સાવરકુંડલાના એક કાર્યક્રમમાં ઈકો સેન્સેટિવ ઝોન મુદ્દે ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી ખૂલીને બોલ્યા છે. તેમણે જણાવ્યું કે ઈકો સેન્સેટિવ ઝોન મુદ્દે ગઈકાલે કોડીનાર તાલાલા ગીર વિસ્તારના કિસાન સંઘના ખેડૂતો મને મળ્યા હતા. જે મોટુ સંમેલન કરવાના છે. હું ટૂંકમાં કહીશ કે વનવિભાગ કે અન્ય લોકો ખેડૂતોને ડરાવવા માંગતા હોય, જેલમાં પુરી દેવાની વાતો કરતા હોય તો સીઆરપીસીની કલમ ૯૩,૧૦૪,૧૦૩,માં જોગવાઈ છે. માણસને જાન માલ મિલકત પર જોખમ હોય છે, ત્યારે સામા વ્યક્તિનો જાન લેવો તે સ્વબચાવ અધિકાર આપ્યો છે. ત્યારે ખેડૂતો, કામ કરતા મજૂર પર વન્યપ્રાણી હુમલો કરે, જાન લે ત્યારે જંગલી પશું બચાવનાર વ્યક્તિઓને મારે પૂછવું છે. છેલ્લા બે વર્ષમાં ખેડૂતો, મજદૂરો, ખેતરમાં કામ કરતા લોકો દ્વારા કેટલા જંગલી પ્રાણીની હત્યાઓ થઈ? કેટલાને નુકસાન થયું છે?..દિલીપભાઈ સંઘાણીએ વધુમાં જણાવ્યું કે, છેલ્લા ૨ વર્ષમાં ૩૯ જેટલા લોકોના મૃત્યુ જંગલી વન્યપ્રાણીના હુમલાના કારણે થયા છે. ૨૩૯ જેટલા લોકોને ગંભીર ઈજાઓ થઈ છે. જો માણસ માટે સ્વબચાવનો અધિકાર હોય તો જંગલી પ્રાણી અંગે કેમ નહિ? આવા અનેક મુદ્દાઓ સાથે વિચારમંચ પર અમારી રજૂઆતો ચાલુ છે. આ વિચારોના આધારે સરકારે નિયમોમાં ફેરફાર કરવા જોઈએ. ઈકો ઝોન મુદ્દે ગીર સોમનાથ, અમરેલી અને જૂનાગઢના ખેડૂત સંગઠનો દ્વારા આવેદન પત્ર આપી રોષ વ્યક્ત કરી વિરોધ નોંધાવ્યા બાદ આવેદન પત્ર આપવામાં આવી રહ્યા છે. ઠેર ઠેર વિરોધ ખેડૂતો કરી રહ્યા છે તેવા સમયે ઈકો ઝોન અટકાવવા ખેડૂતોની માંગ વચ્ચે દિલીપભાઈ સંઘાણી ખેડૂતોની વ્હારે આવ્યા છે.

# સરકારે દસ મહિના પછી ટેક્સ્ટાઈલ પોલિસી જાહેર કરી, પહેલી જ વખત કેપિટલ સબસિડી

(એ.આર.એલ),ગાંધીનગર,તા.૧૫



રાજ્ય સરકારે જૂની ટેક્સ્ટાઈલ પોલિસી પૂરી થયાના દસ મહિના પછી આજે ૧૫ ઓક્ટોબરના રોજ ટેક્સટાઈલ પોલિસીની જાહેરાત કરી છે. નવી ટેક્સ્ટાઈલ પોલિસીમાં પહેલી જ વખત કેપિટલ સબસિડી આપવામાં આવી રહી છે. આના હેઠળ ૧૦ થી ૩૫ ટકા મૂડી સબસિડીની જોગવાઈ કરવામાં આવી છે. જ્યારે જૂની પોલિસીમાં વ્યાજ પર સબસિડી ૫ થી ૬ ટકાથી ઘટાડીને ૫ થી ૭ ટકા કરવામાં આવી છે. જ્યારે વીજળી સબસિડી પ્રતિ યુનિટ રૂ. ૧ નક્કી કરવામાં આવી છે. ગુજરાતના ૫૫૯૨ ઔદ્યોગિક એકમો માટે ૧૧૦૭ કરોડ રૂપિયાની સહાયની જાહેરાત કરવામાં આવી છે. નવી નીતિ ગ્રામીણ મહિલાઓને વધુ ભંડોળ પૂરું પાડવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, ઉદ્યોગ સાહસિકતા દિવસની ઉજવણી કરવામાં આવી છે ત્યારે ટેક્સટાઈલ પોલિસી શરૂ કરવામાં આવી છે. ગુજરાત કાપડ ઉત્પાદન અને વેપારનું કેન્દ્ર રહ્યું છે. ટેક્સટાઈલ પોલિસી ૨૦૧૨માં જાહેર કરવામાં આવી હતી. જેમાં ૩૫ હજાર કરોડ રૂપિયાનું રોકાણ કરવામાં આવ્યું હતું. આ નીતિએ રાજ્યમાં કાપડ ઉદ્યોગને પ્રોત્સાહન આપ્યું હતું. દેશના કાપડ ઉત્પાદનમાં ગુજરાતનો ફાળો ૨૫ ટકા છે. ટેક્સટાઈલ પોલિસી ૨૦૨૪ની આજે જાહેરાત કરવામાં આવી હતી. નવી નીતિનો હેતુ ગ્રામીણ વિસ્તારની મહિલાઓને વધુ પૈસા મળે તે સુનિશ્ચિત કરવાનો છે. ૩૦ હજાર કરોડનું રોકાણ થવાની સંભાવના છે. કપાસ ઉત્પાદકો ખેડૂતો અને યુવાનોને રોજગાર આપશે. નવસારીમાં મેગા ટેક્સટાઈલ પાર્ક બનાવવામાં આવી રહ્યો છે. જૂની ટેક્સટાઈલ પોલિસી ૩૧-ડિસે-૨૦૨૩ ના રોજ પૂરી થઈ હતી. આ પોલિસી ૨૦૧૯માં પાંચ વર્ષ માટે જાહેર કરવામાં આવી હતી. જેમાં કેપિટલ સબસીડીની જોગવાઈ ન હતી. વ્યાજ પર સબસિડી અને વીજળી પર સબસિડી આપવામાં આવી હતી. આ વખતે પહેલીવાર સરકારે કેપિટલ સબસિડી પણ આપી છે તેથી વ્યાજ ઉપરાંત વધારાની સબસિડીના કારણે કાપડના વેપારીઓને ફાયદો થવાની શક્યતા છે.

# સુરતમાં નવ વર્ષની બાળકી પર ફોઈના પુત્રએ દુષ્કર્મ આચર્યું

સુરત,તા.૧૫

સુરતમાં નવ વર્ષની બાળકી પર દુષ્કર્મ આચરવામાં આવ્યું છે. આ દુષ્કર્મ બીજા કોઈએ નહીં પણ ફોઈના પુત્રએ જ આચર્યુ છે. બાળકીના માતાપિતા બહાર ગયા હતા ત્યારે આ દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું. ફોઈનો પુત્ર બાળકી સાથે દુષ્કર્મ કરતો હતો તે પડોશી જોઈ ગયા હતા. સુરતની પોલીસે ૧૯ વર્ષીય મનીષને કાપોદ્રાથી પકડી પાડ્યો હતો. ચોક બજાર પોલીસે આરોપીની ધરપકડ કરી હતી. બાળકીના માબાપ શાકભાજી ખરીદવા ગયા હતા ત્યારે ફોઈના પુત્રએ આ દુષ્કર્મ આચર્યુ હતું. આરોપીની ધરપકડ કરી તેનો મોબાઈલ ફોન કબ્જામાં લેતા પોર્ન સાઈટ લિંકની હિસ્ટ્રી મળી હતી. બાળકીના કણસવાનો અવાજ સાંભળીને પડોશીએ બારીની ફાટમાંથી જોયું તો સગીરાને તેનો પિતરાઈ જ પીંખતો હતો.

# શ્વાને બાથરૂમમાં જઈ પગ પછાડ્યા ને ૧૨ કિલો ગાંજો મળ્યો, ધોરાજીના પેડલરની ધરપકડ

રાજકોટ, તા.૧૫



રાજકોટ ગ્રામ્ય પોલીસમાં માદક પદાર્થો શોધવા માટેની ખાસ તાલીમ લીધેલા 'કેપ્ટો' નામના ગુનાશોધક શ્વાનને કારણે ધોરાજીમાં એક મકાનમાંથી આસાનીથી ૧૨ કિલો ગાંજાનો જથ્થો પકડાયો છે. બાતમીના આધારે પોલીસ શ્વાનને લઈને આરોપીના ઘરે પહોંચી હતી. જ્યાં શ્વાને બાથરૂમમાં જઈ પગ પછાડ્યાં ત્યાંથી જ ગાંજો મળી આવ્યો હતો. રાજકોટ રૂરલ પોલીસમાં પહેલી વખત માદક પદાર્થો શોધવા માટે તાલીમ પામેલા શ્વાનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેને અમદાવાદમાં ખાસ ટ્રેનિંગ અપાઈ છે. રાજકોટ રૂરલ એસઓજીના સ્ટાફને એવી માહિતી મળી હતી કે, ધોરાજીમાં ખીજડાવાળી શેરીમાં ભાડાના મકાનમાં રહેતો શાહબાઝ હુસેન દિલુભાઈ મકવાણા (ઉં.વ.૩૨) પોતાના મકાનમાં ચરસ-ગાંજાનું વેચાણ કરે છે. મકાનમાં જઈ કેપ્ટોને છુટ્ટો મુકાતા જ તેણે બાથરૂમમાં જઈ પગ પછાડવાનું શરૂ કર્યુ હતું. તે સાથે જ એસઓજીની ટીમ બાથરૂમમાં પહોંચી હતી અને ત્યાં લટકી રહેલ થેલો તપાસતા અંદરથી ૧૨.૦૦૬ કિલો ગાંજો મળી આવ્યો હતો. એસઓજીએ તેની કિંમત રૂ.૧.૨૦ લાખ ગણી હતી. આ ઉપરાંત ત્રણ મોબાઈલ સહિત કુલ રૂ.૧.૩૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ધોરાજી શહેર પોલીસ મથકમાં ગુનો દાખલ કરાવ્યો હતો.

# અમદાવાદમાં હિટ એન્ડ રન, કારચાલકે વૃદ્ધને ઉડાવ્યા

**મોર્નિંગ વોક માટે નીકળેલા વૃદ્ધનું ઘટનાસ્થળે જ મોત**

અમદાવાદ,તા.૧૫



અમદાવાદમાં હિટ એન્ડ રનની ઘટના બની છે. અનુપમ સિનેમા પાસે આ ઘટના બની હતી, જેમાં મોર્નિંગ વોક માટે નીકળેલા એક વૃદ્ધને કાર ચાલકે કચડી નાખ્યા હતા અને વૃદ્ધનું ઘટનાસ્થળે જ મોત થયું હતું, હવે આ ઘટનાના સીસીટીવી સામે આવ્યા છે. અમદાવાદમાં હજી માંડ પાંચ દિવસ પહેલા નરોડામાં રસ્તા પર બસ સ્ટેન્ડ પર ઊભા રહેલા વૃદ્ધને એક બેફામ દોડતી કારે ઉડાવ્યા હતા. તેના પછી ગણતરીના દિવસોમાં આ ઘટના બની છે. આ ઘટના અમદાવાદ અનુપમ સિનેમા પાસે વહેલી સવારે બની હતી જ્યાં ૭૦ વર્ષીય અમરચંદ રાજપૂત મોર્નિંગ વોક માટે ગયા હતા. ત્યારે એક કાર ચાલકે બેદરકારીથી વાહન ચલાવતા વૃદ્ધને ટક્કર મારી હતી. હાલ અમરાઈવાડી પોલીસ સીસીટીવીના આધારે તપાસ કરી રહી છે. અમદાવાદમાં રસ્તે ચાલવું મુશ્કેલ બની ગયું છે. અમદાવાદમાં રસ્તે ચાલનારાઓ માટે કારચાલકો યમદૂત બનીને ભમી રહ્યા છે. તેમાં પણ ખાસ કરીને વૃદ્ધો માટે તો રસ્તે ચાલવું અત્યંત કપરું બની રહ્યું છે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પત્રકારોની આરોગ્ય તપાસ માટેના રાજ્યવ્યાપી પ્રોગ્રામ 'ફિટ ઈન્ડિયા- ફીટ મીડિયા'નો શુભારંભ કરાવ્યો

ગાંધીનગર,તા.૧૫



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, પત્રકારિતા લોકશાહીનો ચોથો સ્તંભ છે. પત્રકારિતાનો ધર્મ સમાજને જાગૃત કરવાનો છે. પત્રકારો સ્વસ્થ-તંદુરસ્ત હશે તો પત્રકારિતા થકી સમાજને જાગૃત રાખવાનું કામ સારી રીતે કરી શકશે. મુખ્યમંત્રીએ કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જન-સામાન્યની આરોગ્ય સુખાકારીની હંમેશા ચિંતા કરી છે. તે માટ 'ફિટ ઈન્ડિયા'ની સંકલ્પના તેમણે આપી છે. જનતાનો અવાજ બનતા પત્રકારો સતત પરિશ્રમ કરતા હોય છે ત્યારે, તેમની સ્વાસ્થ્ય સુરક્ષા પણ એટલી જ અગત્યની છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પત્રકારોની આરોગ્ય તપાસ માટેના રાજ્યવ્યાપી પ્રોગ્રામ 'ફિટ ઈન્ડિયા – ફીટ મીડિયા' ના શુભારંભ પ્રસંગે આ વાત કહી હતી. વિકાસ સપ્તાહ અંતર્ગત ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી અને માહિતી ખાતાના સંયુક્ત ઉપક્રમે 'ફિટ ઈન્ડિયા – ફીટ મીડિયા' પ્રોગ્રામનો ઉદ્ઘાટન સમારોહ અમદાવાદ રેડક્રોસ ભવન ખાતે યોજાયો હતો.

# માત્ર ૨૪ પૈસા માટે કાનૂની દાવો કરનાર ગ્રાહકને રૂા.1000 નો દંડ ફટકારતી કોર્ટ

અમદાવાદ, તા.૧૫

૨૪ પૈસા માટેની કાનૂની લડાઈ લડવાનું ગ્રાહકને ભારે થઈ ગયુ હતું. અને ગ્રાહક ફોરમ દ્વારા તેને રૂા.૧૦૦૦ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો. ગ્રાહક પંચે ન્યાયની મજાક ઉડાડવા તથા સમય બગાડવાની આકરી ટીપ્પણી કરી હતી. આ કેસમાં દેત્રોજનાં પ્રશાંત પટેલ ગત ૧૦ મી જાન્યુઆરીએ પીઝા ખાવા ગયા હતા. તે પેટે રેસ્ટોરાએ તેમને રૂા.૬૬૫ નું બીલ આપ્યુ હતું. વાસ્તવિક બીલ ૬૬૪.૭૬ પૈસા હતું પરંતુ રાઉન્ડ ઓફ સિસ્ટમ હેઠળ ૬૬૫ કરાયું હતું. આ વધારાના ૨૪ પૈસા સામે તેઓએ વાંધો ઉઠાવ્યો હતો અને 'ઓવર ચાર્જ'નો આરોપ મુકયો હતો. રેસ્ટોરા સ્ટાફે આ મામલે મેનેજમેન્ટનું ધ્યાન દોરવા તથા વધુ નાણાં વસુલાતા હશે તો રીફંડ મોકલવાની બાહેંધરી આપી હતી.

# મત્સ્ય ઉતરણ કેન્દ્રોને રૂ. ૫૪.૫૦ કરોડથી વધુના ખર્ચે અપગ્રેડ કરવામાં આવશે

**ગુજરાતના દરિયાકાંઠે ૧૦૭ જેટલા નાના-મોટા મત્સ્ય બંદરો અને મત્સ્ય ઉતરણ કેન્દ્રો કાર્યરત છે**

ગાંધીનગર,તા.૧૫



ગુજરાત દેશનો સૌથી લાંબો આશરે ૧,૬૦૦ કિ.મી. જેટલો દરિયા કિનારો ધરાવતું રાજ્ય છે. ગુજરાતના દરિયાકાંઠે ૧૦૭ જેટલા નાના-મોટા મત્સ્ય બંદરો અને મત્સ્ય ઉતરણ કેન્દ્રો કાર્યરત છે. ગુજરાતના અનેક નાગરિકો માટે માછીમારી એ આજીવિકાનું મોધ્યમ પણ છે. પરિણામે ગુજરાત દરિયાઈ માછલીના ઉત્પાદનમાં દેશમાં મોખરે છે. ગુજરાતમાં દરિયાઈ પ્રવૃત્તિઓ ફૂલીફાલી રહી હોવાથી મત્સ્ય બંદરો અને ઉતરણ કેન્દ્રો ખાતે અદ્યતન માળખાકીય સુવિધાઓ પૂરી પાડવી એ રાજ્ય સરકારનો મક્કમ નિર્ધાર છે, તેમ મત્સ્યોદ્યોગ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું, મંત્રી પટેલે કહ્યું હતું કે, રાજ્યના મત્સ્ય બંદરો અને ઉતરણ કેન્દ્રોને અદ્યતન માળખાકીય સુવિધાઓથી સુસજ્જ કરવાના નિર્ધારને પરિપૂર્ણ કરવા માટે પોરબંદર જિલ્લાના નવીબંદર તેમજ ગીર સોમનાથ જિલ્લાના ધામલેજ અને હિરાકોટ મત્સ્ય ઉતરણ કેન્દ્રોને કુલ મળી રૂ. ૫૪.૫૦ કરોડથી વધુના ખર્ચે અપગ્રેડ કરવામાં આવશે.

# રાજકોટમાં ડેન્ગ્યુથી બેના મોત, છેલ્લા સપ્તાહમાં ડેન્ગ્યુના ૨૪ કેસ

(એ.આર.એલ),રાજકોટ,તા.૧૫



રાજકોટમાં રોગચાળો અટકવાનું નામ લેતો નથી. ડેન્ગ્યુ(Dengue) ના લીધે બે લોકોના મોત થયા છે. ૧૫ વર્ષીય સગીર અને ૨૪ વર્ષીય યુવતીનું મોત થયું છે. રાજકોટમાં છેલ્લા એક સપ્તાહમાં ડેન્ગ્યુના ૨૪ કેસ નોંધાયા છે. શહેરમાં ચિકનગુનિયા અને ટાઈફોઈડના ત્રણ-ત્રણ કેસ નોંધાયા છે. આ ઉપરાંત મેલેરિયાના બે અને કોલેરાનો એક કેસ નોંધાયો છે. શહેરમાં તાવના ૬૭૩થી વધુ કેસ નોંધાયા છે. રાજકોટ મનપાનું તંત્ર રોગચાળો કાબૂમાં લેવામાં નિષ્ફળ ગયું છે. રોગચાળો વધતાં ઘરોમાં પોરાનાશક કામગીરી કરવામાં આવી છે. ૩૫૦ ટીમ દ્વારા પોરાનાશક કામગીરી કરવામાં આવી છે. આ ઉપરાંત તાવના ૬૭૩થી વધુ કેસ નોંધાયા છે. જ્યારે ઝાડા-ઉલ્ટીના ૧૬૬ કેસ, શરદી-ઉધરસના ૧૦૦૦થી વધુ કેસ નોંધાયા છે.

# ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાની તારીખ જાહેર, પરીક્ષા ચાલુ વર્ષે ૧૫ દિવસ વહેલી શરૂ થશે

ગાંધીનગર, તા.૧૫

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ-૧૦ (SSC), સંસ્કૃત પ્રથમ અને ધોરણ-૧૨ (HSC) વિજ્ઞાન પ્રવાહ તથા સામાન્ય પ્રવાહ, ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, સંસ્કૃત માધ્યમના વિદ્યાર્થીઓની પરીક્ષા આગામી ફેબ્રુઆરી-માર્ચ-૨૦૨૫માં લેવાશે. ૨૭ ફેબ્રુઆરી ૨૦૨૫થી ૧૩ માર્ચ ૨૦૨૫ સુધી આ પરીક્ષા યોજાશે. આ પરીક્ષાનો કાર્યક્રમ બોર્ડની વેબસાઈટ www. gseb.rog ઉપર મૂકવામાં આવ્યો છે. ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાનું ટાઈમ ટેબલ જાહેર કરવામાં આવ્યું છે. ચાલુ વર્ષે ૧૫ દિવસ વહેલી પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. ધોરણ ૧૦ની અને ૧૨ની સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા પણ ૨૭ ફેબ્રુઆરીથી ૧૦ માર્ચ સુધી યોજાશે. જ્યારે ધોરણ ૧૨ની સામાન્ય પ્રવાહ અને ઉ.ઉ.બુ. પ્રવાહની ૧૩ માર્ચ સુધી યોજાશે. ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓ માટે પરીક્ષાનો સમય ૧૦થી ૧.૧૫ સુધીનો રહેશે. જ્યારે ધોરણ ૧૨નો સમય ૩થી ૬.૧૫ સુધીનો રહેશે. ધોરણ ૧૦ના વોકેશનલ કોર્સ સિવાયના તમામ વિષયોના પ્રશ્નપત્રો ૮૦ ગુણના રહેશે.

# વાવ બેઠક પર ૧૩ નવેમ્બરે મતદાન થશે

બનાસકાંઠા, તા.૧૫

બનાસકાંઠા જિલ્લાની વાવ વિધાનસભા પર ફરી એકવાર પેટાચૂંટણી થવા જઈ રહી છે. ઈલેક્શન કમિશન દ્વારા મહારાષ્ટ્ર અને ઝારખંડ વિધાનસભા ચૂંટણીની જાહેરાત સાથે વાવ વિધાનસભાની પેટાચૂંટણીની પણ તારીખ જાહેર કરવામાં આવી છે, જેમાં ૧૩ નવેમ્બરના રોજ ચૂંટણી યોજાશે અને ૨૩ નવેમ્બરે મતગણતરીની જાહેરાત કરવામાં આવી છે. બનાસકાંઠા જિલ્લાની વાવ વિધાનસભામાં ગેનીબેન ઠાકોર ધારાસભ્ય હતા.


૩૬ માં વર્ષે મંગલ પ્રવેશ નિમિત્તે
ગ્રાહકો તથા વેપારી મિત્રોનો દિલથી આભાર
નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
અમરેલી - ૩૬૫ ૬૦૧
ફોન નં: (૦૨૭૯૨) ૨૨૩૫૫૭ / ૨૩૦૫૫૭
સોનાના ૨૨ કેરેટ હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે
6356560000
મીસકોલ કરો અને SMS થી ભાવ જાણો.



www.headway.guru
9081241916
અરે... વાહ...
૯૯૯૯ ઈનામો!
હા, સાચું વાંચ્યું.


માત્ર ₹૧૦,૦૦૦ ના ઘરેણાંની ખરીદી પર કરોડોના ઈનામો.*
તો રાહ કોની જુવો છો, ખરીદો ઘરેણાં અને ચમકાવો નસીબ.
MGA મધુવન ગોલ્ડ આર્ટ
Since : 2000
સોના-ચાંદીના દાગીના બનાવનાર તથા વેચનાર
જુની બજાર, પાણી દરવાજા રોડ, અમરેલી.
02792 - 222208, 94264 23006
madhuvangold.in
SCAN ME
*શરતો લાગુ



નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
ડો. ચિરાગ વી.કુબાવત (M.B.D.G.O.)
Diploma in Gynec Endoscopy (FRANCE)
સ્ત્રી રોગ પ્રસુતી તથા દુરબીનથી તથા ઓપરેશનના નિષ્ણાંત
અમરેલી જીલ્લામાં દુરબીનની થતા ગાયનેક ઓપરેશનોના પહેલા નિષ્ણાંત
ઉપલબ્ધ સુવિધા :- ■ નોર્મલ/જોખમી સિઝરીયન ડીલવરી ■ પેઈનલેસ (પીડા રહીત ડીલવરી ) 3D/4D કલર ડોપલર/ ખોડખાપણની સોનોગ્રાફી ■ ટાંકાવાળુ, ટાંકાવગરનું તથા દુરબીનથી થતા ગર્ભાશયના ઓપરેશન ■ વંધ્યત્વની વૈજ્ઞાનિક/ આધુનિક સારવાર/IUI ■ ૨૪ કલાક કાર્યરત લીફટ, લેબોરેટરી, એમ્બ્યુલન્સ સુવિધા
ડો. ઉપાસના સી. કુબાવત (M.B.D.C.H.)
નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત
-: ઉપલબ્ધ સુવિધા :-
■ રસીકરણ કેન્દ્ર નવજાત શિશુ દાખલ કરવા અદ્યતન NICU
■ આહાર સબંધીત સમસ્યાઓ, કુપોષણ વાળા બાળકોની સર્વાંગી તપાસ/સારવાર ■ જન્મથી ૧૭ વર્ષ સુધિના બાળકોની તપાસ/સારવાર
જુના પાંચમાળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી - મો.૯૭૨૩૭ ૯૯૦૯૧
ઓપીડી સમય
સોમ-શનિ સવારે ૯ થી ૨, સાજે ૫ થી ૮